

# સનાતન સારથિ ગુજરાતી

સપ્ટેમ્બર – ૨૦૨૦

વાર્ષિક લાવાજમ રૂ. ૧૦૦.૦૦

## તંત્રી સ્થાનેથીઃ-

સનાતન સારથિ - ગુજરાતીના સર્વ સભાસદો અને સાઈ ભક્તો જોગ નિવેદન...........

સનાતન સારથિ સામયિક, એ ભગવાનનું અત્યંત પ્રિય, જેમાં ભગવાન વર્ષો સુધી લખતા હતા અને આજે પણ આપણો આ "સારથિ" આપણને આધ્યાત્મિક માર્ગે દોરવણી આપનાર અને આપણી ઉન્નતિ કરાવનાર 'સનાતન' સ્વરૂપે કાર્યરત છે જ.

અઢી દાયકાથી, ડાકોર થી પ્રકાશિત થતું આ સામયિક, હવે વડોદરાથી પ્રકાશિત થનાર છે ત્યારે કેટલીક સ્પષ્ટતાઓ કરવી ઉચિત છે. ટુંકાણમાં જોઈએ તો........

૧) શ્રી સત્ય સાઈ સેવા સંગઠન, ગુજરાતના રાજ્ય પ્રમુખ શ્રી હેમંતભાઈ પટેલે, આ સામયિકના પ્રકાશન માટે સમગ્ર ગુજરાતમાંથી નિષ્ણાત-અનુભવી અને સમર્પિત એવા અનુવાદકો, ટાઈપીસ્ટ અને આઇ.ટી. ટીમના જાણકાર યુવાનોની ટીમ બનાવી, આ અંકનું કાર્ય શરૂ કરાવ્યું છે.

૨) આપણેં, અંગ્રેજી સનાતન સારથિનો જ ગુજરાતી અનુવાદ કરી અંક બહાર પાડવાના છીએ.

૩) અંગ્રેજી કે હિન્દી સનાતન સારથિના ગ્રાહકો હજારોમાં છે જ્યારે એની સરખામણીમાં ગુજરાતીના ગ્રાહકોની સંખ્યા અત્યંત જૂજ છે. એટલે ગુજરાતી સામયિક વર્ષોથી ખોટમાં ચાલે છે. છેલ્લા કેટલાક વર્ષોથી, લવાજમ પૂરૂં થઈ ગયું હોય, તેમને પણ અંક મોકલવામાં આવતો. લાઇબ્રેરીઓમાં અંકો વિનામૂલ્યે જતા. માત્ર ૧૦૦/- રૂપિયા લવાજમ - એ પણ જો વેળાસર રીન્યુ ન થાય તો શું કરવું? દરેક એ વિચારવું.

૪) હવે તમામ સભાસદો, સાઈ ભક્તો અને સનાતન સારથિ વાંચ્છુ વાચકોને વિનંતી કે તેઓ તેમનો વોટ્સએપ મોબાઇલ નંબર અને ઈ-મેલ આઈ.ડી. અમોને નીચેના નંબર ઉપર અથવા ઈ-મેઇલ આઈ.ડી. પર લખી જણાવે.
મોબાઇલ નંબરઃ-
ઈ-મેઇલ આઈ.ડી. :-

૫) ટેકનોલોજીએ જે રીતે હરણફાળ ભરી છે અને 'નેટ'ને લીધે આપણે બધા (ભલે એક-બીજાથી દૂર હોઇએ) એક-બીજાની નજીક જ છીએ અને સંપર્કમાં છીએ.

૬) ઉપરના મુદ્દાને ધ્યાનમાં લઇને રાજ્ય પ્રમુખ નું સૂચન છે કે દરેકને અંકની soft copy જ મોકલીએ. જેથી (૧) સમય બચે (૨) છપામણી + ટપાલ + અન્ય ખર્ચ બચે (૩) ઘણા ભક્તો વર્ષોથી સનાતન સારથિના અંકો ભેગા થવાથી ચિંતિત છે કે આ અંકો વંચાઇ ગયા હવે શું કરવું? તો આપ મુદ્દાથી છુટકારો મળે (૪) લવાજમ ઘટાડી શકાય અથવા (૫) ભવિષ્યમાં જો સો એ સો ટકા soft copy જ જવા લાગે તો લવાજમ ન પણ લઈએ એવું બને. (૬) અને હા, દુનિયાભરના કોઇ પણ ગુજરાતી, સાઈભક્ત હોય કે ન હોય - એમને પણ આ અંક મોકલાવી શકાય - તમે પણ મોકલી શકો. (૭) આમ સ્વામીનો સંદેશો વિશાળતાથી ફેલાય.

૭) જે સભાસદો હાર્ડ - કોપી જ (Actual અંક) ઈચ્છતા હોય તો તેઓ અમોને અચૂક જણાવે. તો તેટલી જ કોપી છપાવી શકાય.

૮) આ અનુસંધાનમાં આપ સૌનો સહકાર અપેક્ષિત છે. કોઈને કોઈ પણ મુશ્કેલી હોય તો અમારો સંપર્ક જરૂર કરી શકો છો. બને ત્યાં સુધી Whatsapp ટેક્સ્ટ મેસેજ અથવા ઓડિયો મેસેજ જ કરવો. આપને જવાબ મળશે. બહુ જ જરૂરી હોય તો જ ફોન કરવો એ પણ રાત્રે ૯ થી ૧૦ માં જ.

**સંપર્ક માટે નંબરઃ- સતીશ બોકીલ - 98246 49953**
**વિશાલ અકોલકર - 99259 23306**

૯) લવાજમ અથવા ડોનેશન મોકલવા અંગે આવતા અંકમાં વિગત જણાવવામાં આવશે.

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહીંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**


**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા ના સહયોગથી**

મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૦**
**અંક : ૩૩૫**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦
૨૫$ અથવા ૧૮$


**લવાજમ ની રકમ**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરાના નામે ચેક અથવા ડ્રાફ્ટથી મોકલવી**



**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ''
એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

સંપર્ક માટે :
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com


ટાઇટલ પેજ ફોટોગ્રાફ
**ભગવાન શ્રી સત્ય સાઇ બાબા**



"વર્તમાન સમયમાં અત્યારે દુનિયામાં ઘણા બધા લોકો છે. રામ અને કૃષ્ણ જ્યારે અવતર્યા હતા ત્યારે પણ તે વખતે ઘણા બધા લોકો હતા જ. શું તે વખતે, તે બધા રામ અને કૃષ્ણને પૂજતા હતા? શું બધાને તેમના અવતાર હોવા અંગે દૃઢ શ્રદ્ધા હતી? ના. જો તમારી સામે ભગવાનનો ફોટો કે મૂર્તિ હોય તો તમારે માનવું જોઈએ કે તેનામાં ચૈતન્ય છે જ. આ જ સત્ય છે"

## અનુક્રમણિકા...

પા.નં.


૨ તંત્રી સ્થાનેથી

૪ સર્વત્ર વિદ્યમાન ભગવાનમાં દઢ શ્રદ્ધા કેળવો - અવતારવાણી

૮ વિનાયક બુદ્ધિ સ્વરૂપ છે, બુધ્ધિ પ્રદાયક છે - અવતારવાણી

૧૩ સ્વામીના અસીમ દિવ્ય આશીર્વાદ - સાઇ શ્રવણ

૨૦ ચિત્રાવતી નદીના કિનારે ભવ્ય દૈવી ઉજવણી - કુપ્પમ વિજયઅમ્મા

૨૨ સ્વામીજીના ઉપદેશોનું દૈનિક જીવનમાં અમલીકરણ -ગીતાનાથ જી.

૨૭ ઋણ સ્વીકાર / આભાર બોલ


આપને અંક ન મળે તો પોસ્ટ દ્વારા જાણ કરવા વિનંતી. આપની પોસ્ટ ઓફીસમાં પણ તપાસ કરશો. સનાતન સારથિ દર માસની ૨૦મી તારીખે રવાના કરાય છે.

# સર્વત્ર વિધમાન ભગવાનમાં દઢ શ્રદ્ધા કેળવો

- અવતારવાણી

રામનું નામ શર્કરા કરતાં વધુ મધુર, દધિ કરતાંયે અધિક મધુર અને મધથીયે વધુ મધુર છે. આ મધુર નામનું સતત પુનરાવર્તન મનુષ્યને દિવ્યામૃતનું પાન કરાવે છે. તેથી, મનુષ્યે રામ-નામનું અવિરત ચિંતન-મનન-કરતાં રહેવું જોઈએ.(તેલુગુ કાવ્ય)

**ભગવાન હૃદય નિવાસી છે.**

**દિવ્ય પ્રેમસ્વરૂપો !**

સમગ્ર વિશ્વમાં જો કશું સૌથી અધિક મધુર હોય તો તે ભગવન્નામ જ છે. મધુરતામાં તેની તોલે અન્ય કશું આવી શકે તેમ નથી. સ્વાદની વૈવિધ્યતા હોય છે અને પ્રત્યેક વ્યક્તિનો પોતીકો વિશિષ્ટ સ્વાદ હોય છે, પરંતુ તે જીહ્વાનો સ્વાદ છે, નહીં કે અંતરનો આનંદ.

**ભગવાનની મૂર્તિને સ્વયં ભગવાન જ માનો**

દુન્વયી સુખ હંગામી છે અને સમયાંતરે બદલાયા કરે છે, પરંતુ છેક અંતરમાંથી આવિર્ભાવ થતો પરમાનંદ શાશ્વત અને અપરિવર્તનશીલ છે. આદિકાળથી ભક્તો ભગવાનની અર્ચના-આરાધના-કરે છે, તેમ છતાં, દીર્ઘકાલ પર્યંત પૂજા-અર્ચના-કરવા છતાંયે મનવાંછિત વસ્તુની પ્રાપ્તિ કરી શકતા નથી. તો પછી, તેનું કારણ શું? તેનું કારણ એ છે કે જે મૂર્તિ કે ફોટાની પૂજા-અર્ચના કરે છે તે દિવ્યતાની જીવંત ઉપસ્થિતિ ધરાવે છે તેવી મક્કમ માન્યતા તેમનામાં હોતી નથી. જો તેમનામાં "દિવ્ય-હાજરીની ભાવના" હશે તો તેમને દિવ્ય પરમાનંદનો સ્વાનુભવ થયા વિના રહેશે નહીં. પરંતુ, જેઓ પોતાની જાતને ભગવાનના સેવકો ગણાવે છે તેઓ દેવી-દેવતાઓની મૂર્તિ અને ફોટામાં પણ દિવ્ય ઉપસ્થિતિનો અનુભવ કરતાં નથી.

ભગવાન શાશ્વત અને અવિનાશીરૂપ ધરાવે છે, પરંતુ મનુષ્યને તેમાં ઊંડી અને દૃઢ શ્રદ્ધા નથી. એક વિદ્યાર્થી પરીક્ષા આપવાનો છે. ગણિતના વિષયમાં તે થોડો નબળો છે. પરીક્ષા બીજે જ દિવસે હોવાથી તેણે સ્વામીની પૂજા કરી અને ગણિત ભા.૧ ની પરીક્ષા આપવા ગયો. આ પેપરમાં તે નાપાસ થયો. એટલે તેણે નિજ મંદિરમાંથી સ્વામીનો ફોટો કાઢીને એક કબાટમાં મૂકી દીધો. બીજે દિવસે, ગણિત ભા.૨ ની પરીક્ષા હતી. તે દિવસે તેણે રામના ફોટાની પૂજા કરી. તે દિવસે તેનું પેપર વધુ ખરાબ ગયું. ત્રીજે દિવસે એકાઉન્ટ્સની પરીક્ષા હતી. અન્ય દેવતાઓની સરખામણીએ દેવીમા વધુ પરોપકારી હોય છે એવું વિચારીને તે દેવીમાનો ફોટો લઈ આવ્યો અને તેની પૂજા કરી. તે દિવસે પરીક્ષામાં પ્રશ્નોને જ સમજી શકયો નહીં! પરત આવીને દેવીમાના ફોટાને પણ કબાટમાં મૂકી દીધો. ચોથે દિવસે, એકાઉન્ટ્સ ભા. ૨ ની પરીક્ષા હતી. વિનાયક વિઘ્નહર્તા છે એવું સમજીને તે સુગંધીદાર અગરબત્તીઓ, શ્રીફળ અને પુષ્પમાળા લાવીને તેમની મૂર્તિને ચઢાવી. અગરબત્તી પ્રજ્વલિત કરી તો તેનો ધુમાડો પેલા ફોટાઓ જે કબાટમાં મૂક્યા'તા તે તરફ જવા લાગ્યો. પછી, તેને વિચાર આવ્યો, "અગરબત્તી હું વિનાયક-ગણપતિદાદા-માટે લાવ્યો હતો, તો પછી મને દગો દેનારા રામ, સાઈબાબા અને

દેવીમાને તેની સુગંધીનો લાભ શા માટે લેવા દઉં? તે ઘરમાં ગયો અને રામ, સાઈબાબા અને દેવીમાના નાક ઉપર બાંધવા માટે કપડાંનો એક ટુકડો લઈ આવ્યો.

હવે, આ ફોટાઓને અગરબત્તીની સુગંધી પહોંચશે નહીં એવી પોતાને ખાતરી થતાં તે પ્રાર્થના કરવા બેઠો. બસ, તે જ ક્ષણે, રામ, સાઈબાબા અને દેવીમા ત્યાં પ્રગટ થયાં. તે ડઘાઈ ગયો અને દેવી-દેવતાઓને પ્રશ્ન પૂછવા લાગ્યો, "એવું કેમ કે જ્યારે મેં તમારી પૂજા કરી ત્યારે દેખાયા નહીં અને હવે જ્યારે મેં તમને (કબાટમાં પૂરી દેવાની ) સજા કરી ત્યારે પ્રગટ થયા?" હવે સાઈબાબાએ ઉત્તર આપ્યો, "વત્સ, હાલ પર્યંત તેં મને ફોટા સુધી સીમિત રાખ્યો હતો, આજે તને એવી ભાવના થઈ આવી કે આ ફોટાઓ જીવંત હસ્તીઓ છે અને તેથી મારા સુધી સુગંધી આવે નહીં તે માટે તેં મારાં નાક ઉપર કટકો બાંધી દીધો હતો. ફોટાઓ તને મદદ કરવાના નથી. ફોટાઓ ફોટાઓ જ રહેશે. તું ફોટાની ભગવાન તરીકે પૂજા કરશે, પણ ભગવાનની ફોટા તરીકે નહીં. આજે તું ફોટાને સ્વયં ભગવાન હોવાનું માનવા લાગ્યો છે અને તે કપડું બાંધ્યું છે. તેથી જ, હું તારી સમક્ષ પ્રગટ થયો છું." આજકાલ આપણે ભગવાનની એક ફોટા તરીકે પૂજા કરીએ છીએ. આપણી મહેચ્છાઓ ત્યારે પરિપૂર્ણ થશે જ્યારે આપણે ફોટાને ભગવાનનાં સ્વરૂપ તરીકે ગણીશું. તમે કયા સ્વરૂપની પૂજા-અર્ચના-કરો છો કે કયા નામથી સ્મરણ કરો છો તે લગીરે મહત્ત્વનું નથી. એટલું સમજી લો કે તમામ નામો અને સ્વરૂપો ભગવાનના જ છે. કોઈ પણ નામ લો, તેમાં કશું ખોટું નથી. એક જ દેવનાં આ બધાં સ્વરૂપો છે. ફોટાઓ અને મૂર્તિઓમાં ભગવાન વિદ્યમાન છે એવું સમજ્યા વિના તેની પૂજા કરશો તો તમારી પ્રાર્થનાઓ પ્રભુ સુધી પહોંચશે નહીં. તમે જે મૂર્તિઓ અને ફોટાઓની પૂજા કરો છો તેમાં ચેતનાનો થડકાટ છે એવું માનતા થશો ત્યારે જ તમારી ઈચ્છાઓની પૂર્તિ થશે. જો તમે સ્વીકારશો કે નિરપવાદ રીતે ભગવાન સર્વત્ર મોજૂદ છે અને તેની સાથે સાથે જ તેમના ફોટાઓ અને મૂર્તિઓમાં તેમની જીવંત ઉપસ્થિતિ હોવાની લાગણી અનુભવશો નહીં, તો ફોટાઓ અને મૂર્તિઓમાં તેમની જીવંત ઉપસ્થિતિ સંબંધે તમારામાં ગેરમાન્યતા પ્રવર્તે છે તે સાબિત થઈ જશે.

"સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત હોય તેના માટે મંદિર બાંધવું શક્ય છે ખરું? સર્વે જીવ-જંતુઓમાં વાસ કરનાર હોય તેને કશું નામ આપી શકાય ખરું? તમામ નદીઓમાં રહેનારાને સ્નાન કરાવવું શક્ય છે ખરું? જેના પેટમાં પૂર્ણ બ્રહ્માંડ સમાયેલું છે તેને કોઈ ભોજન અર્પણ કરી શકે ખરું? મનુષ્ય તેની અજ્ઞાનતા અને ભ્રમણાને લઈને જગતના નાથની વાસ્તવિક્તાને પિછાણવા અસમર્થ છે."(તેલુગુ કાવ્ય).

**જગતમાં તમે જે જુઓ છો તે પ્રતિક્રિયા, પ્રતિબિંબ અને પ્રતિધ્વનિ છે**

ભગવાન સર્વવ્યાપક છે. તેઓ તમામ પંચતત્ત્વોમાં વ્યાપ્ત છે. તેમની શક્તિ વાયુ, જળ અને વિશ્વની પ્રત્યેક વસ્તુમાં નજરે પડે તેમ છે. જ્યારે તમે આ સર્વશક્તિમાન ભગવાનની આરાધના કરો છો ત્યારે તમારામાં એ શ્રદ્ધા હોવી જરૂરી છે કે ભગવાન અણુ એ અણુમાં વ્યાપ્ત છે. તમારે એવું નહીં કહેવું જોઈએ કે ભગવાન અહીં છે અને ત્યાં નથી. ભગવાન તો અત્ર, તત્ર અને

સર્વત્ર વિદ્યમાન છે. અન્ય જે કંઈ તમે સમજો- વિચારો- છો તે તમારી પ્રતિક્રિયા, પ્રતિબિંબ અને પ્રતિધ્વનિ છે. આ વસ્તુને સમજાવવા એક નાનકડી વાર્તા છે:

**ઈશ્વર તો સદા, સર્વત્ર હાજર હોય જ છે. સ્થળનું મહત્ત્વ નથી. તમારી ભાવના જ મહત્ત્વની છે. ભગવાન તમારી બાહ્ય વિચારસરણીઓને નહીં, પણ તમારી લાગણીઓને ધ્યાનમાં લે છે. આ તો તમારું અહોભાગ્ય છે કે 'શાશ્વત જીવન અને દિવ્યશક્તિ સ્વરૂપ અવતાર' તમારી સમક્ષ ઉપસ્થિત છે.**

એક વખત એક યુવાન ભરવાડ (રબારી) તેના પશુઓનાં ધણને ચરવા માટે પહાડી પ્રદેશમાં લઈ જાય છે. પોતાનો સમય પસાર કરવા તે ગીત ગાવા માંડે છે. તેના ગીતનો કયાંકથી પ્રતિધ્વનિ આવતો સાંભળે છે. આ યુવાનને પડઘા બાબતે કશી જાણકારી નહોતી. તેથી તે થોડો વ્યથિત થયો અને સ્વગત બોલવા માંડયો, "આ કોણ છે જે મારા અવાજની નકલ કરે છે અને મારું ગાયેલું ગીત ગાય છે?સ્ત્ર તેણે બૂમ પાડી," હે, ત્યાં કોણ છે?તું કોણ છે?" તેને તેના જ શબ્દો "હે, ત્યાં કોણ છે? તું કોણ છે?" પુન: સાંભળવા મળ્યા. પછી, તે બોલ્યો,"તારું નામ કહે, જોઉં ?" અને તેને તે જ શબ્દો સાંભળવા મળ્યા. હવે તે ગુસ્સે થયો અને જોરથી ઉચ્ચારણ કર્યું, " તારું મોઢું બંધ કર. હું તને પકડીશ અને માર મારીશ!સ્ત્ર આ વખતે પણ તેના તે જ શબ્દો પરત આવ્યા. ભરવાડ પોતાના અવાજની નકલ કરનારાને શોધવા ગયો પણ ક્યાંય તેનો પત્તો લાગ્યો નહીં. પોતાનો કોઈ શત્રુ હોવો જોઈએ અને નજરે ચઢયા વિના સતામણી કરતો હોવો જોઈએ એવી માન્યતા સાથે, પશુઓનાં ધણને લઈને ઘરે પરત ફર્યો.

માનવ જીવનરૂપી વૃક્ષને અનેક ફળો હોય છે. તે વિવેકરૂપી ફળ પ્રદાન કરે છે.

વિવેક-ડહાપણ-રૂપી ફળમાં મધુર રસ ભરેલો હોય છે. તે પ્રેમનો સિદ્ધાંત છે.

ઘરે પહોંચીને તેણે પોતાની માને કહ્યું, "અમ્મા, ત્યાં મને કોઈ સતાવે છે અને મને ગુસ્સો કરાવે છે. મારા અવાજની અને મારાં ગાયેલાં ગીતને ગાઈને મારી નકલ કરે છે. મેં તેને શોધવાના પ્રયાસો કર્યા પણ તે ક્યાંય મળ્યો નહીં." બીજા દિવસે ભરવાડની અમ્મા પહાડી પ્રદેશમાં તેની સાથે ગઈ અને આખી પરિસ્થિતિનો તાગ મેળવ્યો. તે એક વિવેકભરી મહિલા હતી. પોતાના દીકરાને વાસ્તવિક્તા સમજાવી. દીકરાને કહ્યું, " મારા વહાલા બેટા, તને સતામણી કરતું કે અપમાન કરતું કોઈ છે જ નહીં. તું જે સાંભળે છે તે તારો ખુદનો પડઘો છે".

**<u>આપણી ખરી પ્રકૃતિ અંતરાત્માનું સ્વરૂપ છે</u>**

આ દુનિયામાં આપણે જે કંઈ વસ્તુનો અનુભવ કરીએ છીએ તે આપણી લાગણીઓની પ્રતિક્રિયા, પ્રતિબિંબ અને પ્રતિધ્વનિ છે. આપણને એવું લાગે છે કે કોઈ વ્યક્તિ આપણને હાનિ પહોંચાડી રહી છે. પરંતુ, આ આપણી ભૂલ છે. આપણે જે સાંભળીએ છીએ તે આપણી પોતાની જ ધૃણાની લાગણીઓના પડઘા સિવાય બીજું કશું નથી. તો પછી, વાસ્તવિક્તા છે કયાં? તે આપણાં પોતાનાં હૃદયમાં જ છે. આપણાં અંતરમાંથી આપણે જે કંઈ બોલીએ છીએ તે સત્યનું સ્વરૂપ છે. આને અંતરાત્મા કહેવાય છે. આપણો ખરો સ્વભાવ અંતરાત્માનું સ્વરૂપ છે. જગતને અનુરૂપ થવા આપણે આપણાં અંતરાત્માને સુધારી કે બદલી કાઢવો જોઈએ

નહીં. જ્યારે અંતરાત્મા માનવીય સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે અવતાર કહેવાય છે. જો તમે અવતારની સાચી પ્રકૃતિ જાણવા માંગતા હોય તો તમારામાં એ શ્રદ્ધા હોવી જોઈએ કે અવતાર શાશ્વત-અનંત-જીવન ધરાવે છે. અવતારના કોઈ પણ ફોટા કે મૂર્તિની પૂજા-અર્ચના-કરો, તો એટલું તો સમજી લેવાનું કે તેનામાં જીવનશક્તિ ભરી પડી છે. તમારાં ઘરમાં આ તમારો ડાઈનીંગ રૂમ છે અને પેલો પૂજારૂમ છે એવું માનો છો. પરંતુ, તમારે એ વિચારવાનું છે કે તમારો દરેક રૂમ, પૂજારૂમ-પ્રાર્થનારૂમ કે દેવમંદિર જ છે. ઈશ્વર તો સદા, સર્વત્ર હાજર હોય જ છે. સ્થળનું મહત્ત્વ નથી. તમારી ભાવના જ મહત્ત્વની છે. ભગવાન તમારી બાહ્ય વિચારસરણીઓને નહીં, પણ તમારી લાગણીઓને ધ્યાનમાં લે છે. આ તો તમારું અહોભાગ્ય છે કે 'શાશ્વત જીવન અને દિવ્યશક્તિ સ્વરૂપ અવતાર' તમારી સમક્ષ ઉપસ્થિત છે.

**તમારાં હૃદય યમાં ભગવાનને સ્થાપિત કરો.**

સાંપ્રતકાલમાં દુનિયામાં અનેકાનેક લોકો છે. તે જ પ્રમાણે, પૃથ્વી પર જ્યારે રામ અને કૃષ્ણએ અવતરણ કર્યું'તું ત્યારે પણ ઘણાં લોકો મોજૂદ હતા. તો, શું તે તમામ લોકોએ રામ અને કૃષ્ણની પૂજા-અર્ચના-કરી હતી ખરી? તેમનાં અવતાર સ્વરૂપોમાં તમામ લોકોને દૃઢ શ્રદ્ધા હતી ખરી? જી, નહીં. જો તમારી પાસે ભગવાનનો ફોટો કે મૂર્તિ હોય તો તમારે માનવું જોઈએ કે તેમાં ચેતન તત્ત્વ છે. તે જ સત્ય છે. ભગવાન મનુષ્યમાં ચેતન સ્વરૂપે વિદ્યમાન છે. તમારું હૃદય એવું સ્થાન છે જેમાં ભગવાનની સ્થાપના કરવી જોઈએ. "મદ ભક્તા યત્ર ગાયન્તિ, તત્ર તિષ્ઠામિ નારદ ( હે નારદ, મારો ત્યાં વાસ છે જ્યાં મારા ભક્તો મારા ગુણગાન ગાય છે) એવું ભગવાન નારાયણે નારદમુનિને કહ્યું હતું. કૃષ્ણે અર્જુનને કહ્યું હતુંઃ

મન્મના ભવ મદ્ ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોડસિ મે ॥
(ગીતાઃ ૧૮/૬૫).

( હે અર્જુન ! તું મારામાં મન પરોવનાર થા, મારો ભક્ત બની જા, મારું પૂજન કરનાર થા, મને પ્રણામ કર; આમ કરવાથી તું મને જ પામીશ. આ હું તારી સામે સત્ય પ્રતિજ્ઞા કરું છું કેમ કે તું મને ઘણો પ્રિય છે). ભગવાન નારાયણ કહે છે કે તેઓ એવા સાધકનાં હૃદયમાં નિવાસ કરે છે જે તેમના મહિમાનું ગાન કરે છે અને તેમનું નિરંતર ચિંતન કરે છે." જો તમારે મારી કૃપા પ્રાપ્ત કરવી હોય તો, પ્રથમ, મારા ભક્ત બનો, મારું ધ્યાન ધરો, મારી સન્મુખ નમન કરો અને હું ચૈતન્ય શક્તિ ધરાવું છું એવું માનો. જો તમે મારી જીવંત ઉપસ્થિતિમાં માનશો નહીં, તો આપની તમામ આરાધના નિરુપયોગી નીવડશે," એવું ભગવાન કહે છે. ઘણાં લોકો ગ્રંથોનો અભ્યાસ કરે છે. તે જ પ્રમાણે, ઘણાં લોકો વેદગાન કરે છે, પરંતુ તેઓ સત્યને પિછાણતા નથી. તેનું કારણ શું ? કારણ છે ગ્રંથો સંબંધી જ્ઞાન અને વિદ્વત્તાનો અહંકાર. જ્યાં લગી તેમનામાં અહંકાર હશે ત્યાં સુધી તેઓ ભગવાનની જીવંત હાજરીનો અનુભવ કરી શકશે નહીં. જેવો તેમનો અહંકાર નિર્મૂલ થશે કે ભગવાનની મૂર્તિઓ અને ફોટાઓમાં રહેલા ભગવાનનાં ચૈતન્ય વિષેની સભાનતાની ભાવના તેમના હૃદય માં પ્રથાપિત થશે

**અહંકાર અને આશંકા નિર્મૂલ કરો**

વિશ્વમાં લોકો આધ્યાત્મિક સાધના હાથ ધરે છે અને વિવિધ પદ્ધતિઓ દ્વારા પૂજન-અર્ચન-કરે

છે. પૂજન પદ્ધતિ થકી ભગવાન આકર્ષાતા નથી. તેઓ તમારાં અંતરમાં રહેલી આકાંક્ષા-ઉત્કંઠા અને તીવ્ર વેદના-ઉતાપ કેટલાં છે તેનું વિહંગાવલોકન કરે છે. શું ભગવાનને તમારી પૂજા-ઉપાસનાની જરૂર છે ખરી ? બિલકુલ નહીં. તેઓ તો સૃષ્ટિના સર્જનહાર છે. માનવજીવનરૂપી વૃક્ષને અનેક ફળો હોય છે. તે વિવેકરૂપી ફળ પ્રદાન કરે છે. વિવેક-ડહાપણ-રૂપી ફળમાં મધુર રસ ભરેલો હોય છે. તે પ્રેમનો સિદ્ધાંત છે. આ ફળનાં સુમધુર રસની પ્રાપ્તિ માટે તેની બાહ્ય છાલ અને અંદર રહેલાં બિયાં કાઢી નાખવા જરૂરી છે. તો જ તમે આ પ્રેમરૂપી અમૃતરસનો પરમાનંદ માણી શકશો. વિવેક-ડહાપણ-રૂપી ફળની બહારની કડવી છાલ એ અહંકાર છે અને બિયાં શંકાઓ છે. અહંકારરૂપી કડવી છાલ અને શંકારૂપી બી કાઢશો નહીં, ત્યાં સુધી પ્રેમનો નિર્મલ, નિશ્ચલ, નિઃસ્વાર્થ મર્મ પામી શકશો નહીં. આ અમૃતમય રસ શર્કરાથી વધુ મધુર અને દધિ તથા મધ કરતા અધિક સ્વાદિષ્ટ છે. આ અમૃતમય રસનો મધુર સ્વાદ માણવા ભક્તિ અને શ્રદ્ધાથી દરરોજ રામનામનું સતત રટણ કરતાં રહો. જો તમે અહંકારને નિર્મૂલ કરશો નહીં, તો દિવ્યાનંદનો અનુભવ કરી શકશો નહીં.

(....વધુ આવતા અંકમાં...)

(૨૯મી એપ્રિલ ૧૯૯૬ ના રોજ કોડાઈકેનાલ ખાતે સાઈશ્રુતિમાં ભગવાનનું દિવ્ય પ્રવચન)

### ગણેશ ચતુર્થિ નિમિત્તે ભગવાન બાબાનો દિવ્ય સંદેશ

## વિનાયક બુદ્ધિ સ્વરૂપ છે, બુધ્ધિ પ્રદાયક છે

"અહંભાવથી આવરિત મનુષ્ય કયારેય પણ પરમાત્માને ઓળખી શકે નહીં. અહંભાવ વિલીન થાય ત્યારે જ પરમાત્મ દર્શન થાય. અહંકાર-અહંતત્વનું આત્મામાં સંવિલીન થવું એ જ છે મુક્તિ. અહં તત્વ આત્મતત્વમાંથી જન્મે છે. અહંભાવમાંથી જ વિચાર ઉદભવે છે અને વિચારતત્વમાંથી જ વાણીતત્વ ઉદભવે છે. (જેવા વિચાર તેવી વાણી અને તેવુંજ વર્તન) આ સર્વનો પ્રાદુર્ભાવ આત્મતત્વમાંથી જ થાય છે. એટલે જયારે અહંભાવ નાશ પામે ત્યારે જ આત્માનુભૂતિ થાય છે. મનુષ્યના બંધનનું મૂળ સ્રોત- કારણ જ અહંભાવ છે."

" ભગવાન ઉવાચ: ગણેશચતુર્થિ ૧૫ સપ્ટેમ્બર ૧૯૮૮" [સર્વ સત્કાર્યો દિવ્ય ભગવદ્પ્રેમમાં સમાવિષ્ટ છે]

પરમાત્મા તો અનન્ય - અદ્વિતીય છે. પરમેશ્વર તો પૂર્ણ, પરમાત્મા તો અનંત અનન્ય અદ્વિતીય છે. તો પૂર્ણ અદ્વિતીય છે. વિશ્વમાં અન્ય કોઈ તત્વ સાથે તેની તુલની કરવી અશક્ય છે. અતુલનીય છે. તે તો સર્વવ્યાપક છે. તુલના ત્યારે જ શક્ય બને જયારે અન્ય કોઈ તુલનાત્મક તત્વનું અસ્તિત્વ હોય. પરમેશ્વર તો એકમેવ તત્વ છે.

દૈવી સંકલ્પ: Ekoham Bahusyam એકમેવ તત્વ છતાં અનેકાનેક સ્વરૂપો ધારણ કરે છે. સ્વ સંકલ્પ થકી જ એકમાંથી અનેક સ્વરૂપો ધારણ કરી શકે છે - એક સ્વરૂપમાંથી અનેક સ્વરૂપોનું પ્રાગટ્ય. વિશ્વના સર્વ ધર્મો આ સત્ય સ્વીકારે છે. બાઈબલમાં તો સ્વીકૃત ઉલ્લેખ જ છે " God create a Man in his own image" વિશ્વની

સર્વ મનુષ્ય આકૃતિઓ પરમેશ્વરની જ પ્રતિકૃતિ છે. એક જ અંશમાંથી સૃષ્ટિમાં અનેક અંશો-અનેક જીવાંશ જન્મ્યા છે. જેઓ પૈકી પ્રકૃતિને સંયમિત રાખવાની ક્ષમતા માત્ર મનુષ્યમાં જ છે. જ્ઞાનના વિકાસ થકી આદિ માનવમાં રહેલ પશુત્વનો નાશ કરી આગવી સંસ્કૃતિનું નિર્માણ કરવાની શક્તિ માનવે પ્રાપ્ત કરી છે. પરમાત્મ અવતાર માનવસ્વરૂપે પ્રગટે છે. ને તેથી માનવી પોતે માત્ર ને માત્ર પ્રકૃતિનું સંતાન છે કે ઈન્દ્રિયોનું સમન્વય સ્વરૂપ છે એવી માન્યતા ખોટી છે. પાર્થિવ દેહસ્વરૂપ કદાચ સૌના સમાન દેખાય પરંતુ તેમના વિચાર ભિન્ન ભિન્ન જ હોય.

ભારતીય સંસ્કૃતિની એક વિશિષ્ટતા છે કે અનેક યુગોથી સંસ્કાર અને સંસ્કૃતિનું અસ્ખલિત જતન થઈ રહ્યું છે. અનેક વિડંબનાઓ, સર્જન અને વિસર્જનની પ્રક્રિયા, સૃષ્ટિની અનેક ઉથલ પાથલો છતાં ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિ અક્ષુણ્ય રહ્યા છે. આ સાતત્ય હકીકતની સચ્ચાઈ સાબિત કરે છે. આ સર્વના મૂળમાં સનાતન ધર્મની દિવ્યતા રહેલી છે.

**ભક્તિનું મહાત્મય**

ભારતીય સંસ્કૃતિમાં ભક્તિનું અનોખું પ્રાધાન્ય રહેલું છે. મંદિરગમન કે યાત્રાગમન એ ભક્તિનું દાર્શનિક રૂપ નથી. આ તો ભક્તિ દર્શાવનારા સૂચક અંશ છે. આવા બધા કાર્યોના પાયામાં શક્તિદાયક પ્રેરણા રહેલી છે. તે પ્રેરણાદાયી તત્વ છે પ્રભુ પ્રત્યેનો પ્રેમ. ભક્તિનો એક અર્થ છે પરિપૂર્ણ પ્રેમ- હેતુપ્રેરિત પ્રેમ કે પ્રાપ્તિલક્ષી પ્રેમ એ સાચો પ્રેમ નથી. સરિતા સાગરને પામવા માટે જન્મજાત પ્રેમભાવે દોડી રહે છે. તો એક વેલી ઉર્ધ્વગમનની ઝંખનાથી જ એક વૃક્ષને વળગી રહે છે, આમ એક ભક્ત સર્વ સાંસારિક, ભૌતિક તૃષ્ણાઓને ત્યાગ કરી માત્ર ને માત્ર ઈશ્વરદર્શનની ઝંખના સેવે તેવી સ્વયંભુ પ્રેમવૃત્તિ કેળવે તો પ્રભુ મિલન શક્ય બને. શ્રીમદ્ ભાગવતમાં પ્રાચીન કાળથી જ પ્રદર્શિત આવા દિવ્ય પ્રેમનું દર્શન થાય છે.

દિવ્યત્વની અનુભૂતિ માટે ભક્તના હૃદયમાં પવિત્ર નિ:સ્વાર્થ પ્રેમનું ઝરણું વહેવું જોઈએ તે સ્પષ્ટ રીતે, ખુલ્લા દિલે સ્વીકારે છે કે આના માટે માત્ર અને માત્ર ઈશ્વરદર્શન-પ્રભુમિલનનું જ લક્ષ્ય હોવું જરૂરી છે. પ્રભુદર્શનની ઝંખનામાં જ અન્ય સર્વ વૃત્તિઓનો સમાવેશ થઈ જાય છે. સૃષ્ટિના સર્વ અંશો એક જ પરમતત્વમાં સમાવિષ્ટ છે. સૃષ્ટિના સર્વ પદાર્થોમાં ઈશ્વરનો વાસ છે. સર્વ નામ સ્વરૂપો ઈશ્વરના જ સ્વરૂપો છે. આમ છતાં ભિન્નતા-ભેદભાવનો દ્રષ્ટિકોણ અપનાવવાથી માનવ સર્વ વ્યથા, વેદના, મુશ્કેલીઓનો ભોગ બને છે.

**માનવીના બંધનનું-બેડીનં કારણ તેનામાં રહેલો અહંકાર**

માણસમાં વ્યાપ્ત વિભેદક વૃત્તિઓ તેના વિભેદક વર્તનનું કારણ તેનો અહંભાવ છે. અહંકાર આવરિત માનવી કયારેય પણ ઈશ્વરની ઓળખ પામી શકે નહીં. અહંભાવનો ક્ષય થાય તો જ પ્રભુ પ્રગટ થાય. અહંભાવ આત્મામાં વિલીન થાય તે મુક્તિ. અહંભાવનું ઉદગમસ્થાન જ આત્મા છે. અહંકારમાંથી જ વિચાર ઉદભવે અને વિચારમાંથી વાણી ઉદભવે. એટલે આ સર્વનું ઉદભવસ્થાન જ આત્મા છે. જ્યારે અહંતત્વ નાશ પામે ત્યારે આત્માનું સત્ય સમજાય એટલે મનુષ્યના બંધનનું મૂળ કારણ જ અહંકાર છે.

સમગ્ર બ્રહ્માંડનો ઉદભવ આત્મામાંથી જ થયો છે. તેનું પોષણ, તેની જાળવણી પણ આત્મા

થકી જ થાય છે. અને અંતે તે આત્મામાં જ વિલીન પણ થાય છે. બ્રહ્મસૂત્ર કહે છે "Tat-Ja-la-an" (જયાંથી જન્મે જે થકી તે પોષાય અને તેનામાં જ સમાય જાય). મનુષ્ય પણ બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય, બ્રહ્મ થકી જ જતન પામે અને બ્રહ્મમાં જ વિલીન થાય.

નર પાણીના પરપોટા જેવો છે જે પાણીમાં ઉદભવે, પાણીમાં જ કુલે ફાળે અને પાણી (નારાયણ) માં જ સમાઈ જાય. આધ્યાત્મ સાધનાનો હેતુ જ એ છે કે મનુષ્ય સમગ્ર સર્જનનું નિયમન કરતી અને જે તેને કર્મ, ઉપાસના અને જ્ઞાન (સત, કર્મો, આરાધના અને જ્ઞાન) ના માધ્યમથી પરમ દિવ્ય તત્વ સાથે એકાત્મ સાધવાની શક્તિ પ્રદાન કરતી તે એકત્વ ભાવનાને ઓળખે-સમજે અને અનુભવે.

આમ જો કે સમગ્ર બ્રહ્માંડ વૈવિધ્યસભર ભાસે છે. છતાં તેના મૂળમાં તો એક જ તત્વ રહેલું છે. એક બીજને રોપવામાં આવે, જેમાંથી અગણિત ડાળીઓ, પાંદડાઓ ફૂટે, પૂષ્પો અને ફળો જન્મે છે. તો આ વૈવિધ્યતા આવી કયાંથી? આ સર્વનો પ્રાદુર્ભાવ એક સુક્ષ્મ બીજમાંથી જ થયો છે. આ ઈશ્વરીય રચના ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કરેલ ઉચ્ચારણની પૂર્તિ કરે છે. "બીજમ્ મામ સર્વ ભૂતાનામ (સૃષ્ટિના સર્વ સર્જનમાં બીજ સમાન હું જ છું.) જે રીતે એક બીજમાંથી અગણિત શાખાઓ-પ્રશાખાઓ અને પૂષ્પો, ફળો, ધારણ કરતું વૃક્ષ ઊગે છે તે જ રીતે એક જ દિવ્ય તત્વ-પરમ તત્ત્વમાંથી સમગ્ર પ્રકૃતિનો ઉદભવ થયો છે. બ્રહ્માંડના સર્વ જીવોના પારસ્પારિક સંબંધોનો વૃક્ષોની ડાળીઓ વચ્ચેના પરસ્પર સંબંધો સાથે સરખાવી શકાય. આપણી લાગણીઓ, ભાવનાઓને ફૂલો સાથે અને જીવનને ફળ સાથે સરખાવી શકાય. સર્વ જીવોમાં એક જ બીજ દિવ્ય તત્વનું રહેલું છે.

**<u>પ્રેમભક્તિનું જવલંત ઉદાહરણ</u>**

ઈશ્વર સાથેના તાદાત્મ્ય સાધવાની ભક્તોની ઝંખના માટે વૃંદાવનના ગોપ-ગોપીઓની કૃષ્ણ ભક્તિ દ્રષ્ટાંતરૂપ છે. વૃંદાવનના ગોપ-ગોપિકાઓ પ્રકૃતિના સર્વરૂપોમાં, પછી એ વૃક્ષ હોય, પર્વત હોય કે નદી હોય, કૃષ્ણનું અસ્તિત્વ અનુભવતા અને તેઓમય બનતા. તેઓ સદાય-પળેપળ શ્રી કૃષ્ણનું સાંનિધ્ય ઝંખતા. ચાહે રાસ રમતાં કૃષ્ણ કોય કે વાંસળીના મધુર સૂર રેલાવતાં કૃષ્ણ હોય. જીવનને હર પળ કૃષ્ણની યાદમાં વ્યતિત કરતા. ગોપ ભક્તિ એ પરમ ભક્તિનું તાદ્દશ ઉદાહરણ છે. પ્રત્યેક ભક્ત પોતાની સાધનામાં આવી પ્રભુભક્તિ માટેની તીવ્ર ઝંખના કેળવે. પોતાના વ્યક્તિગત સુખ અને સંતાપ માટે ઈશ્વરને જવાબદાર ન ગણવા જોઈએ. સુખે સ્તુતિ અને દુઃખે નિંદા, ઈશ્વર માટેની આ ભાવના ન્યાયયુક્ત નથી.

વૃંદાવનની ગોપીઓ સિવાય પણ શ્રીમદ ભાગવતમાં પાંડવોમાં જયેષ્ઠ યુધિષ્ટિરનો ભગવાન કૃષ્ણનાં શ્રેષ્ઠ ભક્ત તરીકે ઉલ્લેખ થયેલો છે. ગમે તેટલી તત્ત્વપરીક્ષા કે કસોટીઓ હોય કે ગમે તેવો સ્વમાનભંગ થયો હોય તેવા સંજોગોમાં પણ ભગવાન કૃષ્ણ પ્રત્યેની તેમની ભક્તિમાં કદી ઓટ આવી ન હતી. તેઓ પોતાની એક માન્યતાને અડગપણે વળગી રહ્યા હતા. "હે કૃષ્ણ હું વનમાં હોઉં કે રાજભવનમાં, જીવનમાં ઊંચાઈ પર હોઉં કે તદ્દન જ નીચે ઊતરી ગયો હોઉં, મારા સુખમાં કે મારા દુઃખમાં તમે જ મારા એકમાત્ર આશ્રયસ્થાન છો." ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની તેમની અતૂટ, અચલ એકનિષ્ઠ શ્રધ્ધાને

કારણે જ ધર્મરાજ વિશ્વમાં કિર્તિમાન બન્યા, એક આદર્શ વ્યક્તિ તરીકે સ્થાપિત થયા.

માનવસ્વરૂપમાં દૈવી અવતાર માટે ઘણાં ઘણાં જુદા જુદા કારણો છે. માનવજાત માટે તેનો જન્મ પૂર્વ જન્મનાં કર્મો પર આધારિત છે. "કર્માનુબન્ધીની મનુષ્ય લોક" આ જગતમાં મનુષ્ય પોતાના કર્મોનો કેદી છે. માનવીનો જન્મ તેના પૂર્વ કર્મોને આધિન છે. તો એવો પણ પ્રશ્ન થાય કે અવતારોને કર્મનું બંધન નથી? દૈવી અવતારો માટે કર્મો કારણભૂત હોતા નથી. અવતાર કર્મ(કારણ) અને ફળ(પરિણામ) થી પર છે. દુષ્ટોના દુષ્કૃત્યો અને સજ્જનોના સત્કાર્યો, ધર્મ અને નીતિ માટેની તેમની ઝંખના અવતારનું કારણ બને છે. નૃસિંહ અવતાર ભક્ત પ્રહ્લાદની એકનિષ્ઠ ભક્તિ અને તેના પિતા હિરણ્યકસ્યપુના દુર્વ્યવહારના કારણરૂપ હતો.

**અવતારનું પ્રાગટ્ય શા કારણે**

પૃથ્વી પર દૈવિ અવતરણનું કારણ તેમના કર્મો નથી હોતા. પૃથ્વી પરના સજ્જનોની યાચના અને તેમના તપ-સાધના કારણભૂત બને છે. આ માટે એક સરળ ઉદાહરણ છે. ધરતી પર થતો પાક વર્ષાની વાટ જોતો આકાશ પર દ્રષ્ટિ માંડતો ઊભો છે. તેઓ તો વાદળો સુધી પહોંચી શકતા નથી. પાકની તરસ છીપાવવા માટે વાદળો વર્ષારૂપે ધરતી પર ઊતરે છે. એક આવું જ બીજું ઉદાહરણ, ભોંય પર સૂતેલું બાળક માતાને ઝંખે છે. તે કૂદકો મારીને માતા સુધી પહોંચી શકે નહીં તે સંજોગોમાં માતા જ નીચા વળીને બાળકને ઊંચકી લઈને તેને પંપાળે છે. આ જ રીતે ભક્તોની સહાયાર્થે, તેમનું રક્ષણ કરવા માટે, તેમના પાલન-સંવર્ધન અર્થે ઈશ્વર માનવરૂપે અવતરે છે. આને અવતરણ ( પરમાત્માનું પૃથ્વી પર ઉતરાણ) કહેવાયછે. પરમાત્મા પોતાના અતિ ઉચ્ચતમ સ્થાનેથી ભક્તોને આનંદ પ્રદાન કરવા માટે, પ્રેમ પ્રદાન કરવા માટે, તેમના શ્રેય માટે મનુષ્ય અવતાર ધારણ કરે છે. મંદ બુધ્ધિનો મનુષ્ય આવા દિવ્ય અવતાર પાછળનું રહસ્ય સમજવા માટે પ્રયત્ન કરતો નથી.

**ભક્તિ અતિ શુભ-મંગલદાયક છે.**

આ જગતમાં ભક્તિ જેટલું મહાન કંઈ જ નથી. એકવાર મહર્ષિ નારદજીએ પોતાના શિષ્યો સમક્ષ ભક્તિની મહાનતા ચરિતાર્થ કરતા કહ્યું કે આ પૃથ્વી પર ભક્તિ કરતા મહાન કોઈ જ નથી, ભક્તિ તે દેવોથી પણ ચઢિયાતી છે. સૃષ્ટિ કરતા તો વધુ મહાન દેવ છે અને તેથી જ તો ભગવાને વામન સ્વરૂપે સમગ્ર સૃષ્ટિને માત્ર બે જ પગલામાં માપી લીધી. ભક્તિના કારણે જ ભગવાન ભક્તને આધીન બને છે. ભક્તિ સદા હિતકારી! આત્મદર્શનનો શ્રેષ્ઠ માર્ગ ભક્તિનો મારગ છે. ભક્તિ પરમ શાંતિની દાતા છે. ભક્તિ સકળ વ્યાધિનું સાર્વત્રિક ઔષધ છે. વેદ, ઉપનિષદ કે અન્ય કોઈ પણ શાસ્ત્ર ભક્તિ કરતા વધુ મહાન નથી. ભક્તિ તો ઈશ્વર માટેના પ્રેમનું વાહન છે. સઘળા સત્કર્મોનો સમાવેશ પ્રેમમાં જ રહેલો છે. ઈશ્વર સાથેની એકરૂપતા માટે, અદ્વૈતતા માટે સર્વસ્વના સમર્પણ માટે તૈયારી હોવી જોઈએ.

ભારતીયો દ્વારા ઉજવાતા ઉત્સવો પૂર્ણ અર્થસભર હોય છે. જેની પાછળ આધ્યાત્મિક અને સામાજિક ભૂમિકા રહેલી હોય છે. દરેક તહેવાર દૈવ સંચારિત હોય તેમ માનવામાં આવે છે. આ પવિત્ર દિને દરેક ઘર અને આંગણાંને સ્વચ્છ બનાવવામાં આવે છે. ઈષ્ટ દેવ-દેવીઓની પૂજા

અર્થે પવિત્ર દેહસ્નાન કરવામાં આવે છે, દેવી-દેવતાઓને શ્રીફળ ધરાવવામાં આવે છે અને ઘેર ઘેર પ્રાર્થના કરવામાં આવે છે.

આજના વિનાયકચતુર્થિના તહેવારની અર્થપૂર્ણ સમજ જુદીજુદી રીતે આપવામાં આવી છે. મનુષ્યના શરીર પર હાથીના મસ્તકનું આરોપણ કરવું શક્ય છે? ગણપતિની મૂર્તિની અર્થપૂર્ણતા-મહત્ત્વ આ છે: ગણપતિ અતિ અસામાન્ય બુધ્ધિ પ્રતિભાવના સ્વામી કહેવાય છે.

હાથી ઉચ્ચતમ બુધ્ધિ પ્રતિભાનું પ્રતિક છે. સ્વાભાવિક રીતે અતિ બુધ્ધિવાળી પ્રતિભાવંત વ્યક્તિને "ગજથેલીવી" જેવું ઉપપદ અપાય છે( એટલે કે જે હાથી જેવી જ બુધ્ધિ પ્રતિભા ધરાવે છે). ગણપતિ ને બુધ્ધિ વિનાયક અને સિધ્ધિ વિનાયક સંબોધવામાં આવે છે. વિનાયકનો અર્થ જ છે. અતિ અસામાન્ય નાયક. તો ગણપતિ કોના નાયક? ગણાધિપતિ ગણપતિ ગણો ( દિવ્ય-દૈવી તત્ત્વો) ના અધિનાયક. ગણપતિ તો રૂદ્ર ગણો, ભદ્ર ગણો અને અન્ય ગણોના અધિપતિ છે.

**તહેવારોની ઉજવણી પ્રભુભક્તિના વૃધ્ધિ-વિકાસ માટે**

વિનાયક બુધ્ધિસ્વરૂપા છે. જયારે વ્યાસમુનીએ મહાભારત લખવાનો નિર્ણય કર્યો ત્યારે તેમણે સહાય માટે વિનાયકને પ્રાર્થના કરી. વિનાયક એક શરતે લહિયા બનવા કબૂલ થયા. એમની શરત હતી: લેખન કાર્ય દરમ્યાન વ્યાસે કયાંય પણ અટકવું નહીં. આ રીતે વ્યાસ બોલતા ગયા અને ગણેશજી તાડપત્ર પર લખતા જ ગયા આમ કેટલું ઝડપથી વ્યાસમુની લખાવી શકે અને કેટલું ઝડપથી ગણેશજી લખી શકે એવી પરસ્પર સ્પર્ધા થઈ. અને મહાભારતના સો કરોડ શ્લોકોનું લેખનકાર્ય સંપન્ન થયું. અને જ્ઞાન સમૃધ્ધ પ્રચંડ ગ્રંથ બન્યો અને પાંચમા વેદ તરીકે પ્રતિષ્ઠિત થયો. આ મહાન ગ્રંથમાં અગણિત-સૂક્ષ્મ સત્યો સંઘરાયેલા છે. મનુષ્યો, દેવો અને દાનવો આ ત્રણેય વર્ગોએ સહભાગી થવા વ્યાસને પ્રાર્થના કરી. વ્યાસજીએ ત્રણેય દાવેદારોને સરખે ભાગે વહેંચણી કરી પરંતુ બત્રીસ શ્લોકનો એક અધ્યાય બાકી રહ્યો. હવે આની વહેંચણ શી રીતે કરવી? ફરીવાર દરેકને દશ દશ શ્લોકોની વહેંચણી કરી અને અંતે બે શ્લોક બાકી વધ્યા તો ગણેશજીએ આ બે સ્તોત્રની ભેટ 'હરિ અને હર', રામ, કૃષ્ણ, સાઈ આમ ઈશ્વરના બે અક્ષરી નામોને આપવા સૂચન કર્યું.

ઈશ્વરમાં શ્રધ્ધા કેળવો. રામ, કૃષ્ણ, ક્રાઈસ્ટ વિગેરે સર્વ એક જ ઈશ્વરના નામો છે. પ્રત્યેક મનુષ્યમાં ઈશ્વરી અંશ રહેલો છે. જયારે સત્યની સાચી પ્રતિતી થાય ત્યારે જ સત્યનું દર્શન થાય છે. માનવ માનવ વચ્ચે સંબંધોની કડી ત્યારે જ ગુંથાય જયારે એ સત્ય સમજાય કે દરેકમાં એક જ ઈશ્વરનો અંશ રહેલો છે. આ માટેનું પ્રથમ સોપાન કે જયારે તમે અનુભવો કે "હું જ પ્રકાશ છું "(" I am Light") ને છેવટે એવી અનુભૂતિ થાય કે "પ્રકાશ મારામાં છે"("Light is in me"). 'I' તમને પ્રતિપાદિત કરે છે અને Light પરમ જ્ઞાનને પ્રતિપાદિત કરે છે જયારે પ્રકાશ અને જ્ઞાન એક થાય ત્યારે આત્મદર્શન થાય. ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગ કરતા સરળ છે. ગીતાજીનો ભક્તિમાર્ગની સરાહના કરવામાં આવી છે. પ્રેમની સ્ફૂરણા અંતરમાં થવી જોઈએ.પ્રેમના બાહ્યાચારનો અર્થ નથી. તમારે તો સ્વાર્થમુક્ત સ્વયંભૂ પ્રેમ કેળવવો જોઈએ.તમારા સ્વાર્થ માટે ભૌતિક લાભ પ્રાપ્તિ અર્થે પ્રાર્થનાનો રાહ છોડવો

પડશે.. પ્રભુ પ્રત્યેનો પ્રેમ 'જો' અને 'તો' ની વૃત્તિ અથવા કંઈક પ્રાપ્તિ અર્થે ન હોવો જોઈએ. ઈશ્વર પ્રત્યેની પ્રાર્થના તમને ધરાવવામાં આવતી ભેટ આ સ્વાર્થવૃત્તિથી મુક્ત હોવી જોઈએ. દિવસભર પરમાત્મ ધ્યાનમાં જ વ્યતિત કરીને આવા પર્વોની ઉજવણી કરવી જોઈએ.

આજથી જ સ્વાર્થવૃત્તિ ત્યાગો, ઈશ્વરની દિશામાં મનને જોડો, સત્યનો માર્ગ ગ્રહણ કરો અને જીવનને અને ધન્ય-પાવન બનાવો, ઈશ્વરમાં પૂર્ણ શ્રધ્ધા કેળવી શ્રેષ્ઠતમ માર્ગે કર્તવ્યનું પાલન કરો.

૧૫ સપ્ટેમ્બર ૧૯૮૮ ના દિને પ્રશાંતિ મંદિરમાં યોજાયેલ ભગવાનના દિવ્ય

પ્રવચનમાં અવતરણ કરેલ અંશો.

# સ્વામીના અસીમ દિવ્ય આશીર્વાદ

- સાઇ શ્રવણ

મારી 'મા' (માતુશ્રી) સાઈશરણ થયાને અઠવાડિયું થયું હશે, ને હું સ્વામીના આદેશ પ્રમાણે પુટ્ટપર્તી ગયો. ચેન્નાઈમાં મેં સ્વામીની સર્વવ્યાપકતા અને તેજસ્વિતાનો અનુભવ કર્યો હતો. તે ઉપરાંત મારી મા જ્યારે બીમાર હતી ત્યારે પ્રશાંતિ-નિલયમ ખાતે સ્વામી સાથે મારે ઘણી વાર વાતો-ચીતો થતી રહેતી તેમજ તેમની સાથે બપોરનું જમણ કરવાની પણ તક મળતી રહેતી. હું પ્રશાંતિ-નિલયમ પહોંચ્યો ને મને એવી આશા બંધાણી કે સ્વામી આવશે ને ભજન હોલમાં મારી સાથે વાતો કરશે. માટે હું પહેલી હરોળ (લાઈન) માં જ બેઠો, પરંતુ સ્વામીએ, ભજન સેશન દરમિયાન મારી તરફ જોયું સુદ્ધા નહીં. દસ કરતાં વધુ દિવસો વીતિ ગયા, પરંતુ સ્વામીએ મારી નોંધ સુદ્ધા લીધી નહીં. અહીં, એક નવો વળાંક એવો આવ્યો કે, ભજન ગ્રુપના એક સદસ્ય ભાઈએ મને પ્રેમથી-વિનવણી પૂર્વક સમજાવ્યું કે તમે હવે પાછળની લાઈનમાં બેસો. કારણ કે આગળની લાઈનમાં બેસવાથી સ્વામી આવતા જ નથી. મારા મનમાં એકદમ જોરદાર ખળભળાટ થવા લાગ્યો. મારી શ્રદ્ધા ડગમગવા લાગી. આશ્રમમાં, મારી રૂમ પર આવીને હું મારી પત્નીને પૂછતો કે, "શું મારાથી કોઈ ભૂલ થઈ ગઈ છે? શું મેં મારી માતાની વ્યવસ્થિત કાળજી નથી લીધી-સેવા નથી કરી? એવું તે શું છે કે સ્વામી મારી ભણી જોતાં જ નથી !!!" જો કે પહેલે જ દિવસે, સ્વામી મારા પિતાજી પાસે ગયા હતા અને તેમને કહ્યું હતું કે, "તમારી પુત્રવધૂએ, તમારી પત્નીની બહુ જ સારી સેવા કરી છે. સ્વામી બહુ જ સંતુષ્ટ છે". મારી માં ના ગુજરી ગયા પછી સ્વામી સૌથી પહેલી આ જ બાબત બોલ્યા હતા. તેમણે, મારી પત્નીએ કરેલ સેવાની કદર કરી હતી ને સ્વીકારી હતી. પરંતુ તેઓએ મારી ભણી તો ક્યારેય જોયું જ નહીં કે મને કોઈ વાત પણ કરી નહીં. હું ખૂબ જ વિચલિત થઈ ગયો હતો.

**સ્વામીની અનુપમ અનુકંપા**

આશરે બે મહિના પછી સ્વામી કોડાઇ કેનાલમાં હતા. કોડાઇ કેનાલમાં, સામાન્ય રીતે, 'સાઈશ્રુતિ' ખાતે સ્વામીની ખુરશીના પાછળના ભાગમાં, હું ત્યાંના શ્રાવ્ય સાધનો (ઓડિયો સિસ્ટમ) નું ધ્યાન રાખવાનું કામ કરતો. પરંતુ, આ વખતે, મેં નક્કી જ કર્યું હતું કે હું પહેલી લાઈનમાં બેસવા જઈશ નહીં. કારણ કે હું જાણતો હતો કે સ્વામી મારી તરફ જોવાના સુદ્ધાં નથી. હું

મારી જાતને પાછળ રાખી, બીજા ભાઈઓને આગળ જવાનું કહેતો હતો કે જેથી તેમને સ્વામીની નિકટતાનો લાભ મળે. તમે જાણો છો, કોડાઈકેનાલ પ્રાર્થના સભા-ખંડમાં પ્રવેશતાની સાથે, સ્વામીની મુવીંગ ખુરશીને જે પાથ ઉપરથી લાવવામાં આવતી, તેમાં વચ્ચે એક બમ્પ આવતો. કોઈએ સ્વામીની ખુશીને સાવધાનીપૂર્વક (બમ્પ આવે ત્યારે) થોડી ઊંચી કરીને આગળ લાવવામાં મદદ કરવી પડતી. અને લગભગ એ અમારી જ ડ્યુટી રહેતી. મારૂં મન ચગડોળે ચડ્યું અને વિચારવા લાગ્યું કે શું હું ત્યાં જઈને બેસું ખરો? સ્વામી ને કદાચ ના પણ ગમે. કોડાઈમાં સ્વામીની સાથે (ભૌતિક) નિકટતા ખૂબ માણવા મળતી પરંતુ કોઇ વાતચીત ન થઈ શકતી. મારી માં એ નશ્વર દેહ છોડ્યા પછી, સ્વામી મારી સાથે ક્યારેય બોલ્યા જ નહોતા. આ રીતે કોડાઇ કેનાલ માં દસ દિવસ પસાર થઈ ગયા.

હવે, સ્વામી કોડાઈકેનાલથી રવાના થવાના હતા. એમની કાર તૈયાર થઈ ગઈ હતી. નાળિયેર પણ વધેરવામાં આવ્યું અને આરતી ચાલી રહી હતી. ભજન ગ્રુપના મારા ભાઈને મેં કહ્યું, "હું બહાર નથી આવતો, જ્યારે સ્વામી જઈ રહ્યા છે ત્યારે મારે તેમની સામે ઉભા નથી રહેવું". તેણે મને કહ્યું "ભઈલા, આવું બધું મનમાં ન લવાય. ચાલ, આવ, સ્વામીના દર્શન કર". મેં કહ્યું, "ના ભઈ ના, સ્વામીએ પાછલા બે મહિનાથી મારી ભણી જોયું સુદ્ધાં નથી. મને ખબર નથી કેમ તે !! પણ મને, ત્યાં, એમની આગળ આવીને ઉભા નથી રહેવું". બસ, હું આ વાત કરી રહ્યો હતો, અચાનક જ સ્વામીના રેસિડેન્સનો દરવાજો ખૂલ્યો અને એ રસ્તો સીધો જ સ્વામીના જવા આવવાના પાથ ઉપર થઈને બહાર જાય છે અને સામાન્ય રીતે અમે ત્યાં જ બેસતા હોઈએ છીએ. સ્વામી તો સીધા ત્યાં જ આવીને ઉભા. હું તો વિચારતો હતો કે સ્વામી હમણાં જ કારમાં જઈને બેસી જશે. તમે જાણો છો - શું થયું તે !!! સ્વામી સીધા મારી તરફ જ તાકીને જોવા લાગ્યા. તેઓ ભાવુક થઈ ગયા અને બોલ્યા, ''એન્નક ઉન્નાઈપાકમુડીયલે (હું તને જોઈ જ ન શક્યો) (સ્વામી તમિલ ભાષામાં વાત કરે છે). ભાઈઓ અને બહેનો, હવે મને કહો, કોઈને માટે પણ સ્વામી કેટલી અનુકંપા ધરાવે છે. સ્વામી નો પ્રેમ, હું ન સમજી શકવાને કારણે, મારો વિશ્વાસ ડગમગવા લાગ્યો હતો. જો, મેં મારી માતાની વ્યવસ્થિત દરકાર/સેવા નહોતી કરી કે જો હું મારા કુટુંબનું બરાબર ધ્યાન ન રાખતો હોઉં, તો તે માટે હું મારી જાતને દોષી ગણતો જ હતો. તો પછી મારી માતાના ગુજરી ગયા પછી સ્વામી મારી સાથે કેમ કશું જ બોલતા નહોતા. આનું પણ કારણ બહુ જ સરસ હતું. હું સ્વામીનો પ્રેમ જ સમજી નહોતો શક્યો. સ્વામીએ કહ્યું, "I could not see you" એટલે કે હું તને જોઈ જ ન શક્યો. આ સ્વામીનો આપણા પ્રત્યેનો પ્રેમ છે. સ્વામીને સામે જ ઉભેલા જોઈ હું ભાવવિશ્વમાં સરી પડ્યો. મેં સ્વામીનો હાથ ઝાલી લીધો, અને કહ્યું, "સ્વામી, ધૈર્યમા ઈરીક્કેન" (હું હિંમતવાન ને મજબૂત છું) જુઓ સ્વામી હું આત્મવિશ્વાસ ધરાવું છું. જુઓ હું હસું છું, હું ફાઈન છું". સ્વામી પણ ભાવુક થઈ ગયા અને બોલ્યા, "ની વેલ્લીલા ધૈર્યમા ઈરીક્કે, ઉલ્લ ઈલ્લે"(અંદરથી તો તું તૂટી ગયો છું પણ બહારથી તું તારી જાતને બહાદુર છે એવું બતાવે છે) અને પછી સ્વામીએ મને વિભૂતિ આપીને આશીર્વાદ આપ્યા. કોડાઈ ખાતે ભગવાન

સાથેનો મારો આ છેલ્લો વાર્તાલાપ હતો.

ત્યાર પછી મને ખાતરી થઇ ગઈ કે આપણા જીવનમાં શ્રદ્ધા (હોવી) ખૂબ જ મહત્વની છે. તમને તમારા જીવનમાં જે પણ કાંઈ મળે, તેને તમે સ્વીકારી લો. ભલેને તે પછી લાભનું હોય કે નુકસાનનું હોય. એટલી તો તમે ખાતરી રાખો જ કે તમારા જીવનમાં જે પણ કાંઈ આવે છે તેની પાછળ સ્વામીની ઈચ્છા છે. આપણે તો માત્ર માનવ છીએ. આપણા જીવનમાં અનેક અવરોધોને આપણે ઓળંગવાના છે; પછી ભલેને તે તમારી કારકિર્દીને લગતા હોય, અભ્યાસના ક્ષેત્રમાં એક વિદ્યાર્થી તરીકે તમે હોવ કે કુટુંબના વડીલ તરીકે હો, પુત્ર હો, પિતા હો કે દીકરી હોવ. તમારે ઘણા બધા પડકારોનો સામનો કરવાનો છે; એ તો તમારા જીવનનો હિસ્સો જ છે. તમારા જીવનમાં તમને કાંઈ પણ થાય તો તેને માટે તમે ઈશ્વરને દોષ ન દઈ શકો. આપણું શરીર તો હાડમાંસનું બનેલું છે, જે આવશે ને જશે. અંતે આપણે નિયતિને તો સ્વીકારવી જ રહી.

હું તમને હજુ એક બનેલી મહત્વની ઘટનાની વાત કરૂં. વર્ષ ૨૦૦૭ માં, સ્વામી અમારા નિવાસ્થાને પધારેલ. તેમણે મારા પિતાને કહ્યું, ''તમને જે જોઈએ છે મારી પાસે માંગો''. (સ્વામી તે વખતે અમારા ઘરેથી નીકળવાની તૈયારી કરતા હતા). મારા પિતાજીએ આમ પણ સ્વામી પાસે ક્યારે કાંઈ માગ્યું જ ન હતું. પિતાજી બોલ્યા, "સ્વામી, તમે બધું જ કાંઈ આપેલ છે, તો પછી બીજું તો હું શું માંગું સ્વામી? મારે કાંઈ જોઈતું નથી". પછી સ્વામીએ મારી માં ભણી જોયું ને બોલ્યા "એનમ્મા, હું રમણીને કંઈક એ બોલે એ માટે કહી રહ્યો છું, તે મારી પાસે કશું જ માગતા નથી. સુલ્લુ (બોલો)''. મારા પિતાજી બોલ્યા, ''સ્વામી, એલ્લામ ઈરીકુ સ્વામી (સ્વામી બધું જ છે), મારે તમારી પાસે કાંઈ માંગવું નથી સ્વામી". સ્વામી અમારી તરફ ધ્યાનથી જોઈ રહ્યા હતા, હું, મારી બહેન, મારા માતા-પિતા અને સ્વામી - અમે આટલા જ જણ ઓરડામાં હતા. અન્ય કોઈ જ નહીં. ન કોઈ વિદ્યાર્થીઓ કે ન કોઇ મહેમાનો. અને સ્વામીએ ફરી માતા-પિતા ભણી જોયું ને બોલ્યાચ "સુલ્લુ" (બોલો) ". મારા પિતાજી બોલવા લાગ્યા, "સ્વામી, અમારા કુટુંબમાં, મારા પિતાજી તમારા ડીવોટી (ભક્ત) હતા. હું તમારો ભક્ત છું. મારા દીકરાઓ તમારા ભક્ત છે. મારા પૌત્રો પણ હમણાં હમણાં જ જન્મ્યા છે. તેઓ પણ તમારા સારા ભક્ત બનીને રહે. સ્વામી ત્રણ પેઢીઓથી અમે તમારા ભક્ત છીએ તો હવે પછી, અમારા કુટુંબમાં અમારા કુળદેવ તરીકે સત્યસાઈને સ્થાપી શકાશે? (અમારા વંશમાં શ્રી સત્ય સાઈને કુળદેવતા તરીકે રાખી શકાશે?). "જુઓ મારા પિતાજીનું હૃદય અને એમના પ્રાર્થનાપૂર્ણ હોઠોમાંથી કેવા શબ્દો સરી પડયા !!!. સ્વામી, ખૂબ જ ખુશ થઈ ગયા. મને ખબર નથી, આવી માગણી અત્યાર સુધી કોઈએ કરી હશે કે કેમ !! સ્વામીએ કહ્યું, ''ચાલો, બધા ઉભા થઈ જાવ અને નમસ્કાર કરો". અમે ઊભા થઈ ગયા અને બધા વારાફરતી સ્વામીને નમસ્કાર કરવા લાગ્યા. સ્વામી તે વખતે બોલતા હતા "ઈનિમેલ,ઉંગ કુડુમ્બમ કુ, શ્રી સત્ય સાઈ કુલ દેવમ્, શ્રી સત્ય સાઈ કુલ દેવમ્, શ્રી સત્ય સાઈ કુલ દેવમ્, (હવે પછી, શ્રી સત્ય તમારા કુટુંબના કુળદેવ રહેશે). સ્વામી ત્રણ વખત બોલ્યા. તમે જાણો છો ને, કે કોઈ પણ લગ્નની કંકોત્રી કે કોઈ પણ ધાર્મિક કાર્યક્રમોની પત્રિકાઓમાં આપણે,

આપણા કુળદેવતાનું નામ અને સ્થાન લખીએ છીએ.

હવે અમોએ, આ પછી, શ્રી સત્ય સાઈને કુળદેવ તરીકે અને પુટ્ટપર્તી એ સ્થાન તરીકે લખવાનું શરૂ કર્યું. મારા પોતાના લગ્નની કંકોત્રીમાં પણ એ રીતે જ છાપવામાં આવ્યું. મારા પિતાજીએ - અમારા સંપૂર્ણ ખાનદાનને - વંશને આ એક અનમોલ ભેટ આપી હતી એ પણ માત્ર ભગવાનને એક પ્રાર્થના કરીને. સ્વામીએ અમને બધાને આશીર્વાદ આપ્યા. આતો એકદમ જ વચ્ચે યાદ આવી ગયું. હવે આ ક્ષણે, હું પાછું વળીને જોવું છું તો મને સાચે જ લાગે છે કે અડગ વિશ્વાસ ખૂબ જ જરૂરી છે, જે મને હોવો જ જોઈતો હતો.

**ડોક્ટરના બાળક માટે વિભૂતિ**

મારી માં, સાઈ શરણ થયાને એક વર્ષ વીત્યું હશે, તે વખતે મારી પત્નીને ગર્ભ રહ્યો. તેણીને તેની પ્રસૂતિ માટે કેરળ મોકલવામાં આવી. તેનું વતન એટલે કેરળનું ત્રિપ્પુન્નીથુરા. તેણીનો સમગ્ર પરિવાર એકદમ પ્રેમાળ અને મજાનો. તેઓ, સ્વામી વિશે બહુ કાંઇ જાણતા નહોતા. અમારા કુટુંબ સાથે સંબંધ બંધાયા બાદ જ તેઓ સ્વામી વિશે વધુ જાણતા થયા. મારી પત્ની ભજન પ્રવૃત્તિ અને યુથ કેમ્પસમાં સારી રીતે સક્રિય હતી. મારા લગ્ન પછી, સ્વામીએ તેમના પરિવારમાં પ્રવેશ કરી સારૂ સ્થાન જમાવી દીધું.

એક દિવસ હું સ્ટુડિયોમાં રેકોર્ડિંગ કરી રહ્યો હતો તે સમયે મારા સસરાજીનો ફોન આવ્યો અને મને કહ્યું, ''અમે હમણાં જ સવિતાને (દવાખાનામાં) તપાસ કરાવડાવી. ડોક્ટરોનું કહેવું છે કે બાળકના હૃદયમાં કંઈક ક્ષતિ-દોષ હોય એવું લાગે છે". એકાદ મહિનામાં જ મારા બાળકનો જન્મ થવાનો હતો. શ્રીમતી સુધા રંગનાથન, એક વિખ્યાત શાસ્ત્રીય સંગીત ગાયિકાનું રેકોર્ડિંગ હું કરી રહ્યો હતો. મેં તેને થોભાવી દીધું અને તેણીને કહ્યું, "જુઓ, મારે કેરળ અચાનક જવું પડે તેમ છે. મારે આ ધ્વનિ મુદ્રણનું કામ બંધ કરવું પડે છે. મારે ત્યાં જવું જ પડે તેમ છે અને એક અરજન્ટ કામ આવી પડ્યું છે તેને કરવું પડે તેમ છે". હવે, મેં મારા પિતાજીને, આ સમગ્ર હકીકતથી વાકેફ કર્યા તેઓએ મને શાંતિથી સમજાવતાં કહ્યું, "હમણાં તો બહુ ચિંતા ન કરતો, હમણાં કાંઈ થાય એમ નથી. કાંઈ પણ કરવાનું આવશે તો તે બાળકનો જન્મ થઈ ગયા પછી થાશે. માટે, શું કામ ચિંતા કરે છે? ભગવાનનું સ્મરણ કર 'ને પ્રાર્થના કર". હું, કેરળ તો ન ગયો પણ બીજા દિવસે સીધો પુટ્ટપર્તી ગયો. મેં ભગવાનને પત્ર લખ્યો હતો તે લઈને હું ગયો. એ પત્રમાં મેં, બાળકના હૃદયમાં કંઈક ક્ષતિ હોવાનું જણાવી, વધુમાં સ્પષ્ટતા કરી હતી કે એના હૃદયમાં કાણું છે. મેં પાછું એ મોટા અક્ષરોમાં લખ્યું હતું. પુટ્ટપર્તીમા હું ભજન ગ્રુપનો સભાસદ હોવાને નાતે, તેઓ એ મને સ્વામીની બરાબર સામે બેસવા માટે તક આપી જેથી હું ભગવાનને મારો પત્ર આપી શકું. સ્વામી આવ્યા 'ને મેં પત્ર જરી ઊંચો કર્યો, તો સ્વામી દૂર જતા રહ્યા. એમણે તે પત્ર લીધો જ નહીં. પરંતુ ભજન પુરા થયા બાદ, સ્વામીએ મને બોલાવ્યો, અને મેં તો, શું શું થયેલ છે તે બધું કહેવાનું શરૂ કર્યું. ભગવાને ઈશારો કરીને, મને વધુ બોલવાની પરવાનગી ના આપી. એમણે મને વિભૂતિના પાંચ પેકેટ અને આશીર્વાદ આપ્યા.

બીજા દિવસે સવારે, હું પુટ્ટપર્તીથી સીધો કેરળ જવા ઉપડ્યો. ડૉક્ટરોએ અમોને ગર્ભમાં

રહેલા બાળકના હૃદયની તપાસ થઇ શકે તે માટે "5D ફટલ ઈકો-કાર્ડિયોગ્રામ કઢાવવાનું કહ્યું.

હવે આની તપાસ માટે એક જ જગ્યા હતી અને તે હતી કોચીમાં આવેલ અમૃતાનંદમયી ઈન્સ્ટીટ્યુટ. મારી પત્નીને-આ બધું શું થઇ રહ્યું છે તેની કાંઈ ખબર નહોતી. કારણ કે મારા સસરાજી એ કહ્યું હતું, કે એને આ બાબતની ખબર ન પડવી જોઈએ, નહીં તો તે ગભરાઈ જશે. મેં મારી પત્નીને માત્ર એટલું જ કહ્યું, કે ડિલિવરી થતા પહેલા આ એક સામાન્ય ચેક-અપ જ છે, આવું કહીને તેને કારમાં લઈ કોચી જવા ઉપડ્યા. એક ઠેકાણે જરીક હું રસ્તો ભૂલી ગયો. એ સમયે ગુગલ-મેપ વિગેરે નહતું. હું અમૃતા ઇન્સ્ટિટ્યૂટ પહોંચવાની ચિંતામાં હતો. એટલામાં શું થયું કે બરાબર અમારી આગળ એક કાર અમે જોઈ, તેની ઉપર લખ્યું હતું "સાઈ સેવામાં". મને એવું લાગ્યું કે, ઇન્સ્ટિટ્યુટ સુધી પહોંચવા માટે, સ્વામીજ અમારી દોરવણી કરી રહ્યા છે. એ મારુતિ ઝેન કાર હતી અને એની ઉપર ડોક્ટરનો લોગો (ચિન્હ) પણ હતો. મેં મારી પત્નીને કહ્યું, " જો સ્વામીનું નામ છે અને ડોક્ટરની પણ નિશાની છે. મને ખાતરીપૂર્વક લાગે છે આ કાર અમૃત ઇન્સ્ટિટ્યૂટ જ જતી હોવી જોઈએ. ચાલ, આપણે એને જ અનુસરીએ". એક આંધળો વિશ્વાસ મૂકી, અમે કારની પાછળ જવા લાગ્યા. લો અને અહો આશ્ચર્યમ્ !! એ કાર અમને અમૃતા ઇન્સ્ટિટયૂટના પાર્કિંગની જગ્યા સુધી દોરી ગઈ. અમે હોસ્પિટલમાં ગયા અને બધી તપાસ (ચેક-અપ) કરી લીધી. આ વિધિ વખતે, હું બહાર બેસીને સત્ય સાઈ અષ્ટોત્તરનું રટણ કરતો હતો. મારી પત્ની હસતા મુખે બહાર આવી; અને અંગૂઠો ઊંચો બતાબી ખુશી વ્યક્ત કરી. મે તેણી ને પૂછ્યું, "શું થયું ?".તેણી બોલી, "બાળક બહુ જ સુંદર અને વ્યવસ્થિત છે". મેં, નિરાંતનો દમ લીધો અને ખુશ થયો.

પછી અમે ડોક્ટર આવવાની રાહ જોતા બેઠા. ડૉક્ટર આવ્યા, લંડનથી ઉચ્ચ શિક્ષણ મેળવેલ વ્યક્તિત્વ અમારી સામે ઊભું હતું. ડોક્ટરે પૂછ્યું, કેમ અહીં બેઠા છો? મેં એમને, આ અગાઉના રિપોર્ટ બતાવતાં કહ્યું કે હૃદયમાં ક્ષતિ - કાણું હોવાનું દેખાય છે. તેમણે કહ્યું કે બાળક તો એકદમ સ્વસ્થ છે અને કોઈ ક્ષતિ છે જ નહીં. હવે મને ખ્યાલ આવ્યો કે સ્વામી કેવી રીતે કાર્ય કરે છે. કૃતજ્ઞતાના ભાવ સાથે મારી આંખો ભરાઈ આવી. એમને કહ્યું, "તમે તો સંગીત ક્ષેત્રમાં છો, હું તમારા આલ્બમ્સ હંમેશા સાંભળું છું". તેઓ મને મારા નામ સાથે અને બધા જ મ્યુઝિક આલ્બમ્સની સાથે જાણતા હતા, કે જે આલ્બમ્સ મેં બહાર પાડ્યા હતા. તેઓએ મારા બાળકનું નામ પણ સૂચવ્યું.

અચાનક જ, મને મનમાં કંઈક થવા લાગ્યું અને મારો અંતરાત્મા કહેવા લાગ્યો, કે સ્વામીએ જે વિભૂતી આપી છે, તે મારે ડોક્ટરને આપવી જોઈએ. અને હું એ આપવા ઈચ્છતો પણ હતો. મને ખબર નથી, આવો વિચાર કેમ આવ્યો!! મેં એક વિભૂતિનું પેકેટ કાઢ્યું અને ડોક્ટરને આપતા કહ્યું, "ડૉકટર, આપ આ વિભૂતિને સ્વીકારશો? હું આજે જ પુટ્ટપર્તિથી આવ્યો છું. ગઈ કાલે હું ખૂબ જ ચિંતિત હતો. બાબાએ આ પ્રસાદી, સ્વયં એમના હાથે આપી છે. મને આ તમને આપવાની તીવ્ર ઇચ્છા થઇ રહી છે તો". લો, સ્વીકારો". એમણે એમના બુટ ઉતાર્યા અને મારી પાસેથી વિભૂતિ નું પેકેટ લીધું. અને કહેવા લાગ્યા, "શ્રીમાન, મારી પત્નીની તબિયત સારી નથી. તે પણ ગર્ભવતી

છે, એની સ્થિતિ બહુ જ વિકટ છે. હું મંદિરોમાં જાઉં છું અને પ્રસાદમ્ લાવીને એને આપું છું. ગયા અઠવાડિયે જ તેણીએ મને પૂછ્યું, "તમે મને પુટ્ટપર્તીના સાઈબાબાની વિભૂતિ લાવીને આપી શકશો?.

ડોક્ટર આગળ કહેવા લાગ્યા કે તેઓ સ્વામી માં માનતા નથી અને એવું બધું શોધખોળ કરવામાં જરીયે રસ નથી. મેં જોયું, એમણે એમનું દિલ ખુલ્લું કરી દીધું. એમનું મન શાંતિ અનુભવવા લાગ્યું. તેઓ આગળ બોલ્યા, "હવે તો પ્રસાદી જ મારી પત્નીને શોધતી જાતે આવી ગઈ છે તો હું તેને આ આપીશ. બાબાએ તેણીની પ્રાર્થના સાંભળી ખરી". મને ખબર નથી કે આગળ શું થયું તે. પણ હું અત્યંત ખાતરીપૂર્વક કહું છું કે સ્વામીએ તે બાળકને સાજો કરેલ છે અને તે બાળક સ્વસ્થ પણ છે. જુઓ સ્વામી કેવી રીતે કાર્ય કરે છે!! જેઓને એમનામાં વિશ્વાસ નથી, એમની પણ સ્વામી કાળજી લે છે અને એમને એ ચીજો આપે છે, જેની એમને જરૂર હોય; અને તેઓ કંઈ જાણતા ન હોવા છતાં તેમને આશિર્વચિત કરે છે. આ આખીય ઘટનાનો જો નાટ્યાત્મક ભાગ જોઈએ તો સ્વામી એ મારા બાળક માટે આ કેવો પ્રસંગ ઊભો કર્યો, મને પર્તી તેડાવ્યો, મને થનાર બાળકમાં ક્ષતિ છે તે વિશે મને બોલવા પણ ન દીધો અને પ્રસાદી આપી. એમની વિભૂતિની પ્રસાદી આ ડોક્ટરના પરિવારને મળે તે હેતુથી આ આખું નાટક કર્યું. મને ખાતરી થઇ ગઈ કે એમની પ્રસાદીને લઈ જવામાં હું માત્ર સાધન નિમિત્ત હતો.

**ખૂબ જ કાળજી રાખનાર અને પ્રેમ કરનાર ભગવાન**

મારા બાળકનો જન્મ થવામાં હજુ એકાદ મહિનાની વાર હતી. હું સ્વામીને, બનેલી સમગ્ર ઘટના કહેવા માટે પુટ્ટપર્તી દોડી ગયો. હું સવારના દર્શનની પ્રતીક્ષામાં હતો ને ભજન શરૂ થયા. બીજું ભજન "શ્રી કરી કૃપા કરી" શરૂ થયું, હું તબલા વગાડતો હતો અને અચાનક જ મંદિરના વરંડામાં રહેલા વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થી આવ્યો તે મને કહ્યું, "સ્વામી તમને બોલાવે છે". હું તરત જ યજુર મંદિર દોડી ગયો. મને વિભૂતિના પેકેટસ્ સાથે એક પરબિડીયું આપવામાં આવ્યું અને સ્વામી તરફથી એક માત્ર સૂચના હતી, "જાઓ, આ તમારા પુત્ર અને પત્નીને આપો". હું ગૂંચવાઇ ગયો. બધા ચેક-અપ - સ્કેન કરાવીને હું હાલ જ તો પુટ્ટપર્તી પાછો ફર્યો છું ને બાળક નો જન્મ થવા ને તો મહિના જેટલી વાર છે. અમે એ પણ નથી જાણતા કે જન્મનાર બાળક દીકરો થશે કે દીકરી. મેં તે વિદ્યાર્થીને કહ્યું, "ભાઈ, સ્વામીને મહેરબાની કરીને આટલું તમે કહેશો કે હજુ ગઈ કાલે જ ચેક-અપ થયું છે, બાળક સ્વસ્થ છે અને એનું નામ શું રાખવું એની અમને જરૂર છે........". તેણે જવાબ આપ્યો, "શ્રીમાન, મને તો ફક્ત તમને પ્રસાદી આપવાની જ સૂચના આપવામાં આવી છે. સ્વામી આવે ત્યાં સુધી રાહ જુઓ".

ભજન પછી જ્યારે હું મારી રૂમ પર ગયો, ત્યારે મારા મોબાઇલ ફોન પર ઘણા બધા મિસ્ડકોલ આવેલા મને દેખાયા. અને મેં જ્યારે પિતાજીને ફોન કર્યો, તો તેઓ બોલ્યા "અભિનંદન બેટા, તું પિતા થઈ ગયો. પુત્ર રત્નનો જન્મ થયો". હું અહીં માથું પકડીને બેસી ગયો. આ શું !! ગઈ કાલે હજુ સ્કેન થયું, બાળકના જન્મમાં ૩ થી ૪ અઠવાડિયાની વાર હતી......... મારા પિતાજીએ આગળ કહ્યું કે તેઓને અમુક ઇમર્જન્સી પ્રોસીજર્સ કરવા પડ્યા અને નિર્ધારિત સમય

અગાઉ બાળકનો જન્મ કરાવવો પડ્યો. સ્વામી તરફથી મને સૌથી પહેલાં સૂચના મળી કે જન્મનાર બાળક પુત્ર છે અને ત્યાર પછીથી મને મારા કુટુંબ તરફથી સમાચાર જાણવા મળ્યા. આ છે સ્વામીનો પ્રેમ અને સ્વામીની દરકાર રાખવાની રીત. પ્રસાદી લઈને હું તરત જ કેરળ જવા ઉપડી ગયો.

મારા બાળકનો જન્મ થયો ત્યારથી જ તે નિયો-નેટલ વોર્ડમાં મુકવામાં આવેલ. કેટલીક ગુંચભરી સમસ્યાને લીધે બાળકને બીજી હોસ્પિટલમાં લઇ જવાયું. મારી પત્ની, હવે સ્વસ્થ થઇ રહી હતી. રિકવરી આવ્યા પછી તેણીને પણ પેલી બીજી હોસ્પિટલમાં લઇ જવામાં આવી જ્યાં બાળક હતું. થોડા દિવસો પસાર થયા બાદ અમે બાળકને નીઓ-નેટલ વોર્ડમાંથી હોસ્પિટલની રૂમમાં જ લાવવાના હતા. તે જ સાંજે મારી પત્નીનું ખૂબ જ ખરાબ રીતે માથું દુખવા લાગ્યું; અને તે વિલાપ કરવા લાગી. થોડીક ક્ષણો બાદ, રેસ્ટ રૂમમાંથી તેણીએ મને હાંક મારી અને ચિંતાતુર અવાજમાં બોલી, અહીં આવો ને !! મેં જ્યારે તેણીને જોઈ અને તેનો હાથ ઝાલ્યો, તે બોલી, "એન્નકુ કન્નુ થેરીલ્લા" (હું જોઈ નથી શકતી) અને પછી તો તેણીને ઉપરા-છાપરી ખેંચ આવવા લાગી. જેમ મારી માંને આવતી હતી, બરાબર એ રીતની જ. મારી માતાને જ્યારે જ્યારે ખેંચ આવતી ત્યારે ત્યારે તેણી - પોતાની જીભને જ જોરદાર બટકા ભરતી. એ દ્રશ્ય નિહાળવું એ કાંઈ સરળ નહોતું. અને વધુમાં તો પુત્ર હોવાને નાતે આ બધું જોવું એ ખૂબ જ પીડાદાયક હતું. મારી પત્નીની જીભને આવેશમાં પણ કોઈ ઈજા ન થાય તે માટે, મેં મારી આંગળીઓ એના મોંમાં મૂકી દીધી કારણ આજુબાજુમાં બીજું કંઈ મુકવા યોગ્ય ચીજ ન મળી. પરંતુ એણે જે બચકુ ભર્યું તે એટલું બધું સખત હતું કે એની પીડા થી હું મૂર્છિત થઈ ગયો. ત્યાર પછી શું થયું, મને ખબર નથી. પણ પછી મને ખ્યાલ આવ્યો કે કોઈ નર્સ મારી આંગળીઓની સારવાર કરી રહી છે. મેં જ્યારે મારી પત્ની વિશે પૂછ્યું કે તો તેઓએ કહ્યું કે તેણીને આઈ.સી.યુ. (ઈન્સેન્ટિવ કેર યુનિટ)માં લઈ જવામાં આવી છે. હું જનરલ વોર્ડમાં, મારૂ બાળક નીઓ-નેટલ વોર્ડમાં અને પત્ની આઈ.સી.યુ.માં આખું ફેમિલી હોસ્પિટલમાં ભરતી થયેલ. આ બધું બન્યું તે બસ મારી માતાને ગુજરી ગયાને એકાદ વર્ષ થયું હશે તે અરસામાં જ.

મારી આંગળીઓ સૂઝી ગઈ હતી. પાટાપિંડી થઈ. હોસ્પિટલમાં રોજની સારવારની ચુકવણી રોજેરોજ જ કરવાની રહેતી હોવાથી મારા ક્રેડીટ કાર્ડની મર્યાદા પૂરી થઈ ગઈ હતી. હું જનરલ વોર્ડમાંથી બહાર નીકળ્યો અને આઈ.સી.યુ. તરફ ગયો. મારે મારી પત્નીને મળવું હતું. એ લોકોએ મને, મારી પત્નીને જોવા પણ છૂટછાટ ન આપી. તેઓએ કહ્યું કે તેને સતત ખેંચ આવ્યા કરે છે. એ સમયે, મારામાં વિશ્વાસ ધીરે ધીરે વધવા લાગ્યો. જ્યારે મારી મા કેન્સરથી પીડાતી હતી, ત્યારે હું ઈચ્છતો હતો કે તે જીવી જાય અને તે બચી જાય અને આ કઠણ સમય પસાર કરી નાખે એ માટે મારી પ્રાર્થના સતત ચાલુ હતી. હવે આ ક્ષણે, જ્યારે મારી પત્નીને આટલું બધું ભોગવવું પડી રહ્યું છે ત્યારે મેં નક્કી કરી લીધું કે હવે બધું સ્વામી ઉપર છોડી દેવું. મારી સતત ને સતત પ્રાર્થના ચાલુ જ હતી. મધ્યરાત્રીનો સમય હતો. એક નેફ્રોલોજીસ્ટ ડૉક્ટર આવ્યા ને મને કહ્યું, "તેણીની કિડની બરાબર કાર્ય નથી કરી રહી. તેણીના

લોહીમાં માયોગ્લોબીનનું પ્રમાણ ખૂબ ઊંચું છે તેણીની પરિસ્થિતિ ઘણી જ ચિંતાજનક (ક્રિટિકલ) છે. શું અહીંયાં કોઈ (તમારા) વડીલો નથી?". હું વિચારવા લાગ્યો...................... સ્વામી આ બધું શું છે ! અહીં બધું શું બની રહ્યું છે. આ બધી તપાસ / ચકાસણીઓ બંધ કેમ નથી થતી? મધ્યરાત્રીએ, તેઓએ મને એક વખત તેણીને જોવાની પરવાનગી આપી. આઈ.સી.યુ. માં તેણી તો પેલી ઘણી બધી નલીકાઓ અને એવા બધા સપોર્ટિવ સિસ્ટમથી પૂરેપૂરી લદાયેલી હતી. મેં તેની સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો, પણ તેણી કોઇ પ્રતિભાવ ન આપી શકી. હું ભાવનાઓથી ઘેરાઈ ગયો..............

( વધુ.......... આવતા અંકે............)

બેંગાલુરૂ વ્હાઈટફીલ્ડ ખાતે આવેલ બ્રિન્દાવન ખાતે શ્રી સાઈ શ્રવણમ્ દ્વારા અપાયેલ વક્તવ્ય ''સમર્પણ'' માંથી. શ્રી શ્રવણમ્ વિશ્વમાં પ્રખ્યાત એવા સંગીત નિર્માતા અને સાઉન્ડ ટેક્નોલોજીસ્ટ છે. તે ભગવાનના અનન્ય એવા ભક્ત છે.

# ચિત્રાવતી નદીના કિનારે ભવ્ય દૈવી ઉજવણી

- કુપ્પમ વિજયઅમ્મા

પૂર્ણ ચંદ્રમા (પુનમ)ની રાતે અમે ૧૦ વાગ્યે પ્રારંભ કરી, વાછરડા અને હરણોની જેમ ફરતા અને રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ મંદિરે પાછા ફરતા.

આવી જ એક રાતે, સાઈ ગોપાલાએ કહ્યું, ‘ કાંઈ પણ રસોઈ બનાવશો નહિ, આપણે ચિત્રાવતી નદીના કિનારે જઈ રસોઈ બનાવીને જમીશું‘. અમને ખૂબ જ આનંદ થયો. ખૂબ જ ઉત્સાહભેર અમે હાથ હલાવીને જરૂરી વાસણો, અનાજ-પાણી તથા જરૂરી સામાન ગાડામાં ભરી સાઈરામની પાછળ વાંદરાઓના ટોળાની જેમ ચાલ્યા. રાતના ૧૧ વાગ્યા હતાં, હીંચકા ઉપર ઝૂલતાં, ગીતો ગાતા, દોડાદોડ કરતાં, કૂદાકૂદ કરીને અમે ખૂબ થાકી ગયા અને અમે બેસી ગયા. અમે બૂમો પાડી, ‘સ્વામી અમે ખૂબ ભૂખ્યાં છીએ, મહેરબાની કરીને અમને જલ્દી કાંઈક ખાવા માટે બનાવી દો‘.

અમારા હીરોનો તરત જ પ્રવેશ થયો. અમે કહ્યું, "હે પ્રભુ, નથી સ્ટવ (સગડી) કે નથી લાકડાં, હે ઈશ્વર ! તેઓ કઈ રીતે રાંધશે ? તેઓ ક્યારે રાંધવાનું શરૂ કરશે ?" ખૂબ જ અણગમાંથી અમે ગાડામાંથી બધા જ વાસણો, સામાન ઉતારીને હારબંધ બધાં ઢાંકણ સાથે મૂકી દીધાં.

અમે તેમના હુકમનું પાલન કર્યું. સ્વામીએ રસોઈ કરવા માટે કોઈ સગડી કે સ્ટવ ન માંગ્યા, પરંતુ તેમણે હાથમાં એક લાકડાનો ટૂકડો લીધો અને દરેક વાસણનાં ઢાંકણ ઉપર સ્પર્શ કર્યો અને ખાવાની ચીજોનાં નામ બોલતા ગયા. ‘સાંભર, ભાત, રસમ, પાયસમ, ચટણી‘ વિગેરે વિગેરે, અમને વાસણમાં રંધાતા ખોરાકનો અવાજ સંભળાયો. વાસણમાંથી નીકળતી મિશ્રણની સુગંધ નસકોરાં વીંધી રહી છે. અમારૂં પેટ ભૂખની વેદનાથી જાણે ફાટી જતું હતું. હે પ્રભુ ! આ શું વિચિત્ર ચમત્કાર ! શું ગજબની અજાયબી ! કોઈ અકલ્પનીય લીલાનું પ્રદર્શન લાગે છે. અમે સ્વામીનાં ફરતે ઉભા રહી ગયા અને ભોજનની

માંગણી કરી.

સ્વામીએ કહ્યું, 'આપણી પાસે ભોજન પીરસવા માટે પાંદડા નથી'. અમે જેટલા ઝડપથી ઉત્સાહીત થયા હતાં એટલા જ જલ્દીથી ઉત્સાહ મરી ગયો. ત્યાં તો સ્વામીએ બે છોકરાને બોલાવીને કહ્યું, "જેવા તમે જમણી તરફ જશો, તમને કમળોથી ભરાયેલ તળાવ દેખાશે તેમાંથી થોડા કમળનાં પાંદડા લેતાં આવો'. તેઓ દોડતાં ગયા અને પાંદડા લેતા આવ્યા. શું તે કમળનાં પાંદડા હતાં ! હે ભગવાન, તે એટલા તો મોટા હતાં કે તેના ઉપર લોકો આરામથી બેસી શકે. અમે અમારી જીંદગીમાં આટલા મોટા પાન જોયા નથી. પાંદડાઓને હારબંધ મુકવામાં આવ્યા. અમે ખાવા માટે આતૂર, ભીમસેનની જેમ બેસી ગયાં.

સાઈ માઁ એ ભોજન પીરસવાનું શરૂ કર્યું. શું સ્વાદ ! અરેરે ! અમે તેનું વર્ણન કરી શક્તાં નથી. શું ભોજન હતું ! એક ભવ્ય મિજબાની હતી. જાણે કે સ્વર્ગનું ભોજન ! સ્વામીએ કેટલું પીરસ્યું, અમે કેટલું ખાધું એની ખબર જ નથી. ખરેખર અમે લોકોએ ભૂખ્યા વરુઓની જેમ ભોજનને ગળી જ ગયા.

શું સ્વાદ ! શું સુગંધ ! શું રસોઈ ! શબ્દોથી વર્ણન કરવું શક્ય જ નથી. અમને શ્વાસમાં તકલીફ પડે તેમ છેક ગળા સુધી ખાધું. સ્વામીએ મજાકમાં ખાઉધરા અને પાડા જેવા કહ્યાં. તે સાચું જ હતું. એ ક્ષણે અમે ખાઉધરા જ બની ગયા હતાં. આખું દૃશ્ય જાણે 'ભરતમ્' માં ઉલ્લેખિત માયાબજાર જેવું હતું. જ્યાં સાઈ અન્નપૂર્ણેશ્વરી દરેકને જમાડે છે. સ્વાદિષ્ટ વાનગીઓથી ભરાયેલા વાસણો ખાલી થતાં જ નથી. બધાં વાસણો અક્ષયપાત્ર જેવા હતાં. સાઈ અન્નપૂર્ણેશ્વરી શાશ્વત અક્ષયદેવી છે. અમે આવા દિવ્ય જાદુ વિશે, કોઈ પણ પુરાણમાં વાંચ્યુ નથી અને ઈતિહાસમાં પણ આવી ઘટનાનાં કોઈ સાક્ષી નથી. કેટલું મહાન આશ્ચર્ય ! કેવો ભવ્ય ચમત્કાર ! સ્વામીનું આ કાર્ય માનવ સમજથી ઉપરનું છે. તેને માણસ પચાવી શકે તેમ નથી. તેનું વર્ણન કરવું ખૂબ જ મુશ્કેલ કામ છે. એ ડીશોના ભવ્ય સ્વાદની સુગંધ, નસકોરાં શોધી રહ્યાં હતાં અને મોઢામાં પાણી આવતાં હતાં. જો કે અમે ખૂબ ખાધું હતું છતાં જાણે હજુ વધું ખાવાની ઈચ્છા થતી હતી. શું આ કોઈ છોડી શકે ? ભવ્ય સ્વાદે અમારા પેટને જાણે મોટું બનાવી દીધું હતું.

અમે વાંચ્યુ છે કે, એક વખત વિશ્વકર્માએ માયાસભા રચી દ્વારકા નગરી બાંધી હતી. પરંતુ તેમાંના કોઈએ પણ આવા સ્વાદની વાત કરી નથી. અમારા એકલાનાં નસીબમાં જ આવો સ્વાદિષ્ટ ખોરાક હશે. મહામુસીબતે અમે મંદિર પહોંચ્યા. અમે સારી રીતે ચાલી પણ શક્તા નહોતા અને મુક્તરીતે શ્વાસ પણ લઈ શક્તા નહોતા. અમને લાગ્યું કે કાલ સુધી ભૂખ જ નહીં લાગે. અમારું પેટ સંપૂર્ણ રીતે ભરેલું હતું. સાચું કહીએ તો અમે બીજા દિવસે કશું પણ ખાધું નહિ. સ્વામીએ અમારી બાજુ જોયું અને કહ્યું, 'શું તમે જે ભોજન લીધું એ સામાન્ય હતું ! તે એક દિવ્ય ભોજન હતું અને તેથી જ તમને ભૂખ નથી' તે એક સત્ય છે.

'અન્યથા શરણમ્ નાસ્તિ' માંથી
શ્રીમતિ કુપ્પમ વિજયઅમ્મા.

# સ્વામીજીના ઉપદેશોનું દૈનિક જીવનમાં અમલીકરણ

-ગીતાનાથ જી.

ભગવાન શ્રી સત્ય સાંઈબાબા (સ્વામીજી) મારા જીવનમાં એક રંગ સ્વરૂપના ફોટામાં ખુરશીમાં બેઠેલા આવ્યા કે જે ખુરશીની પાછળ ફક્ત થોડાં ઝાખરાંઓ હતાં. મારા પિતાજી શ્રી ગોપાલ શેનોઈ એક ન્યાયાધીસ હતા. તેમને માનસિક બિમારી હોવાથી લાંબી રજા ઉપર હતા. આ ૧૯૬૨ ની વાત છે કે જયારે હું છ વર્ષનો હતો. ૧૯૬૦ માં મારા મામાઓ અને દાદાઓને સ્વામીજીએ મુલાકાત માટે બોલાવ્યા હતા. અમે ત્યારે ત્રિવેન્દ્રમ (હાલ થીરુવનન્થપુરમ) કેરાલાની રાજધાની ની નજીક આવેલા નંદુમાનગઢમાં રહેતા હતા. ફોટોગ્રાફે એની અસર કરી. મારા પિતાજી ફક્ત સારા જ ન થયા પરંતુ માનસિક અને શારીરિક રીતે જીવનપર્યંત મજબૂત રહ્યા. તેઓ ૨003 ના વર્ષમાં, શાંતિપૂર્વક ૮૫ વર્ષની વયે અવસાન પામ્યા. તેઓ જીવનના છેલ્લા દિવસ સુધી કાર્યરત રહ્યા હતા.

<u>હું કામને જ પૂજા તરીકે કેમ ગણું છું -</u>

હું હવે મારા જીવનમાં નીચેના સિધ્ધાંત વિશે આવું છું: સ્વામીજીએ કહ્યું છે કે <u>કામ એ જ પૂજા છે</u>, અને શ્રીમદ્ ભગવદગીતાનો પણ આ જ સિધ્ધાંત છે. મારા જીવનના શરૂઆતના વર્ષોમાં ધીમે ધીમે મેં એનું અનુસરણ કર્યું. પરંતુ મારી અધિકૃત કારકીર્દી સારી રીતે પ્રગતિમાં હતી અને મને જયારે ન ગમતું કામ સોંપવામાં આવતું ત્યારે મેં એનું અમલીકરણ વધુ ને વધુ કર્યું. હું અધિકૃત અને વ્યક્તિગત, તમામ કામને જાણે કે સ્વામીજી નું જ કામ હોય એ રીતે ગણતો અને તેને આનંદપૂર્વક અને શક્ય એટલું અસરકારક રીતે કરતો. હું નવેમ્બર ૨૦૧૬ માં ભારત સરકારની સેવામાંથી નિવૃત્ત થયો ત્યાં સુધી મારાં અધિકૃત કામોનું આ જ વલણથી અમલીકરણ કરતો રહ્યો.

હવે મેં આ વલણ કેવી રીતે વિકસાવ્યું તેનું થોડું વિસ્તૃતીકરણ કરું છું. અમે ૧૯૬૯ માં થીરુવનન્થપુરમમાં હતા અને હું ધોરણ ૭(સાત) માં સેન્ટ જોસેફ હાઈસ્કૂલમાં ભણતો હતો. મારા પિતાજી જિલ્લા ન્યાયાધીશ હતા. હું હંમેશાં દર ગુરુવારે શ્રી સત્ય સાંઈ સેવા સમિતિ આયોજીત સાંઈ ભજનમાં હાજર રહેતો હતો. આ સમય દરમ્યાન મારા શરીરમાં ગંભીર માંદગી ઉદ્ ભવી કે જે ટાઈકસ્ તરીકે ઓળખાતી હતી- જે એક ન્યુરોલોજીકલ સમસ્યા કે જે હલનચલન ડિસઓર્ડર તરીકે પણ જાણીતી છે. જેમાં શરીરના સ્નાયુઓ અર્ધ સ્વૈછિક ચળવળનું કારણ બને છે. જેની મેં બધી જ સારવારો લીધી. ઘણાં લોકોને હળવી ટાઈકસ્ હોય છે. પરંતુ મારી ટાઈકસ્ અત્યંત તીવ્ર હતી. (મને હજી પણ આ સમસ્યા છે જે સમયે સમયે બદલાયા કરે છે) ગંભીર સ્થિતિમાં તે અત્યંત અસહ્ય બની જાય છે. તે બિન-આરામદાયક છે. જે બધી જ સામાન્ય પ્રવૃત્તિઓને અસર કરે છે અને જોનારાઓને તે ભયંકર લાગે છે. વારંવારની શારીરિક ચળવળને કારણે ૨003 માં મારા ડાબા ખભાના હાડકામાં ફ્રેકચર થયું હતું. હાડકાંના બે ટૂકડા થવાથી ડૉકટરો ચિંતાતુર હતા. કારણ કે મારી ટાઈકસ્ રૂઝ લાવવામાં મુશ્કેલી સર્જતી હતી. પરંતુ સ્વામીજીની કૃપાથી તે ઝડપથી સારું થયું.

મારી શાળાના દિવસોમાં પાછા ફરીએ તો મારી ટાઈકસ્ બે વર્ષ ચાલુ રહી હતી. પછી હું નવમા ધોરણમાં હતો ત્યારે બે-એક ઘટનાઓ બની. મને મલયાલમ ભાષામાં નાની નાની પુસ્તિકાઓના અસંખ્ય સેટ મળ્યા. જેમાં સ્વામીજીએ જીવનમાં શું કરવું અને શું ન કરવું ની અસંખ્ય દરખાસ્તો દર્શાવી હતી. તેના તરફ મારું ધ્યાન દોરાયું. મેં આ માર્ગદર્શીકાઓનું મારા જીવનમાં પાલન કરવાનું નક્કી કર્યું. જેમાનું એક વાક્ય જૂઠું ન બોલવું મને અત્યંત સ્પર્શી ગયું. મેં એને એક સ્વાધ્યાય માનીને બીજી બધી બાબતોમાં તેનું અનુસરણ કરવાનું શરૂ કર્યું. જે આજદિન સુધી હું મોટા પાયે કરતો રહ્યો છું. તે ખૂબજ સરળ બાબત અમલમાં મૂકવાની છે. જેવું મેં આ સિધ્ધાંતોનું અમલીકરણ કરવાનું શરૂ કર્યું કે મારી (ગંભીર બિમારી) ટાઈકસ્ તરત જ બંધ થઈ ગઈ. જેટલી ઝડપથી આ રોગ મને વર્ષો પહેલાં શરૂ થયો હતો, તેટલી જ ઝડપથી તે રોગ અદેશ્ય પણ થઈ ગયો. પછી મારી ધોરણ-૧૦ ની પરીક્ષામાં આ દુ:ખાવાએ મને કોઈ તકલીફ ન આપી તથા ત્યાર પછીની પ્રી ડિગ્રી, બી-ટેક અને એમ-ટેક ની પરીક્ષામાં પણ હું ઉજ્જવળ શૈક્ષણિક દેખાવ કરી શક્યો.

__શ્રીમદ્ ભગવદગીતાના ઉપદેશોમાં મારી દિક્ષાની શરૂઆત__

આ સમય દરમ્યાન બીજી ઘટના બની. મારી માતા શ્રીમતિ ચંદ્રામતી શેનોઈ ને શ્રી ભગવાન બાબામાં ઊંડી શ્રધ્ધા હતી. તેમણે મને શ્રીમદ્ ભગવદગીતાની દીક્ષા આપી. તેમણે મને પ્રથમ ગીતા નો ૧૫ મો અધ્યાય શીખવ્યો. તેમણે મને કહ્યું કે સ્વામીજીએ સૂચના આપી છે કે આ અધ્યાય બાલ વિકાસ વિદ્યાર્થીઓને શીખવવો જોઈએ. મારી માતા સંસ્કૃત જાણતી હતી પરંતુ હું નહોતો જાણતો. આથી તે મને અંગ્રેજીમાં ભાષાંતર કરી આપતી. તેથી હું વારંવાર તે અધ્યાયનું અંગ્રેજી ભાષાંતર વાંચતો હતો. ત્યારબાદ હું બધા જ અધ્યાયોનું ભાષાંતર વાંચવા લાગ્યો. (આકસ્મિક રીતે, મારી માતાએ મને કહ્યું કે તેણે મારું નામ "ગીતાનાથે" પાડયું હતું. કારણ કે મારો જન્મ અડૂર, કેરાલામાં થયો હતો કે જયાં પાર્થસારથિ મંદિર આવેલું છે) ગીતા માં મને બે કે ત્રણ મુદ્દાઓએ વિષેષ પ્રભાવિત કર્યો. એ મુદ્દાઓ હતા: (૧) તમારી ફરજ ઉત્તમ રીતે બજાવો અને પરિણામની અપેક્ષા ન રાખો. સ્વામીજી કહે છે કે,"ફરજ એ ભગવાન છે, કામ એ જ પૂજા છે. દરેક કામ ભગવાનને ખુશ રાખવા કરો. તમારા કામોનું પરિણામ ભગવાનને અર્પણ કરો. છેવટે તો ભગવાન જ કર્તા-હર્તા છે. તમે તો ફક્ત એક સાધન છો.

(૨) જો તમે હંમેશાં મારું રટણ કરશો, તો હું તમારી બધી જ જરૂરિયાતો તરફ ધ્યાન આપીશ.

(૩) ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ ગીતાના ૧૨ મા અધ્યાય (ભક્તિયોગ) માં ભક્તના જે લક્ષણોનું વર્ણન કરે છે, તે ભક્તોને ભગવાનના પ્યારા બનાવે છે. ટૂંકમાં તેઓ કહે છે કે એવા લોકો મને અત્યંત પ્રિય છે કે જેઓ અસ્તિત્વને ધિક્કારતા નથી. જેઓ દરેકની સાથે મિત્રતાભર્યા અને કરુણાશીલ હોય છે. જેઓ દુ:ખમાં, આનંદમાં, પ્રસંશામાં કે ટીકામાં, સફળતા કે નિષ્ફળતામાં પણ નિ:સ્પૃહી અને સમકાલીન રહે છે.

એક નોંધપાત્ર મુદ્દો એ છે કે જયારે મેં પ્રશાંતિ નિલયમમાં ૧૯૭૪ માં મુલાકાત લીધી ત્યારે તેમણે ગીતાવાહીની બુક પર હાથ મૂકી-

તેમના દૈવી હાથનો સ્પર્શ કરી મને આશીર્વાદ આપ્યા. મારી નિવૃત્તિ સુધી, હું મારી ઓફિસમાં દિવસની શરૂઆત શ્રીમદ્ ભગવદ ગીતાનું એક પાનું વાંચ્યા પછી જ કરતો હતો. તે મારા કામ માટે પ્રેરણારૂપ હતું. મારી નિવૃત્તિ પછી, સ્વામીજીએ એક સ્વપ્ન દ્વારા મારા આ વલણનો સ્વીકાર કર્યો હતો. મારી અધિકૃત ફરજના ભાગરૂપ મારે વારંવાર શ્રીહરીકોટા કે જ્યાં ઈસરો રોકેટ લોંચ કરે છે ત્યાં જવું પડતું હતું. મેં ત્યાં ઘણો બધો સમય પસાર કર્યો છે. કેટલીકવાર તો સંપૂર્ણ આરામદાયક સ્થિતિ ન હોય, તે સમયે પણ જવું પડતું હતું. તે સમયે પણ, સ્વપ્નમાં, મેં મારી જાતને મિશન ડાયરેકટર ની રૂમમાં પ્રવેશતાં, સ્વામીજીને મિશન ડાયરેકટરની ખુરશી પર બેઠેલા અને મને પ્રેમથી આવકારતા જોયા હતા. મારી સામે સ્વામીજીને સુંદર હસતા પણ જોયા છે. મને મારા પેન્ટના ડાબા ખીસામાં ટોર્ચ, દવાઓ, પેન અને હાથરૂમાલ ઠાંસી ઠાંસીને ભરી રાખવાની ટેવ હતી. વારંવાર, આના કારણે મારો હાથ રૂમાલ કાઢવામાં મુશ્કેલી અનુભવી રહ્યો હતો કારણ કે મારો હાથ પોકેટમાં ચોંટી ગયો હતો. આ જોઈને બાબા જોરથી હસી પડયા હતા. હું એવા માનસિક વલણથી કામ કરું છું કે હું જે કાંઈ કામ કરું તે સ્વામીજીના આનંદ-ભગવદ્ પ્રીત્યાર્થમ્-માટે કરું છું અને સ્વામીજીએ તે સ્વીકાર્યું પણ હતું.

**<u>બધાં જ કાર્યો સ્વામીજીને અર્પણ :</u>**

ત્યાર પછી મને બીજું એક સ્વપ્ન આવ્યું. લગ્નના સત્કાર સમારંભમાં વપરાય એવું એક ચોરસ પ્લાસ્ટિક ટેબલ હતું. સ્વામીજી આ ટેબલના એક છેડે બેઠા હતા. હું એમની સામેની બાજુએ ઊભો રહીને ટેબલ પર પડેલાં એંઠાં પતરાળાને સાફ કરવા પ્રયત્ન કરતો હતો. જેવો હું ટેબલ સાફ કરવા તૈયાર થયો કે તરત જ રેસ્ટોરન્ટમાં ટેબલ સાફ કરતા હોય તેવા બે છોકરા ટેબલની નજીક દેખાયા. બાબાએ તે છોકરાઓને ધમકાવ્યા. પછી હું કાળજીપૂર્વક પતરાળાંને ફેંકી દેવા માટે ઘડી કરી રહ્યો હતો, ત્યારે સ્વામીજી ખુશ થઈને માથું નીચું રાખીને મારા કાર્યને ખૂબ જ ધ્યાનપૂર્વક જોઈ રહ્યા હતા.

મારી નિવૃત્તિ બાદ હું મારું ઘર સ્વચ્છ કરીને વ્યવસ્તિત રાખવા ઘણો સમય પસાર કરતો હતો. (કે જે મારા માટે બાબાનો એક આશ્રમ જ હતો.) હું નાનું કે મોટું દરેક કામ બાબાને અર્પણ કરવા માટે જ કરતો હતો. હું મારા ધંધાકીય દૈનિક કાર્યને પણ સમાન મહત્વ આપતો હતો. જેમ કે મારા રૂમની સફાઈ, ઓફિસ કબાટ અને ટેબલ તથા એન્જિનીયરીંગની રોકેટને લગતી તમામ ગુંચવણભરી ડિઝાઈનોનો પણ સમાવેશ થતો હતો. ઉપરોક્ત સ્વપ્નમાં સ્વામીજીએ મારા ઘરની સફાઈને લગતા વલણનો પણ સ્વીકાર કર્યો હતો. મારું એ મંતવ્ય છે કે- મારી તમામ સંપત્તિઓ, પૈસા સહિત બધું જ સ્વામીજીની સંપતિ છે અને હું તો એનો ફક્ત “ટ્રસ્ટી” છું.

હું એક બીજી ઘટના પણ ઉમેરવા માંગુ છું કે વર્ષો પહેલાં હું શ્રી હરિકોટાની એક અધિકૃત ટૂર પર હતો ત્યારે બની હતી. શ્રીહરિકોટામાં એક મંદિર છે. ત્યાં ભગવાન બાબાને નાનકડું ધાર્મિક સ્થાનક અર્પણ કરેલ છે. તે જગ્યાએ દર ગુરુવારે ભજનો યોજાતાં હતાં. જ્યારે હું ઓફિસના કામમાં રોકાયેલો ન હોઉં, ત્યારે હું હંમેશાં ભજનમાં હાજર રહેતો હતો. ફક્ત ૧૦ કે ૧૨ ભક્તો જ ભજનમાં હાજર રહેત હતા. એક દિવસ, ભજનો પૂર્ણ થતાં જેવો હું મંદિરમાંથી બહાર નીકળી રહ્યો હતો કે

એક માણસ મારી પાસે દોડતો આવ્યો. એં તેને ભજન હોલમાં કદીપણ જોયો નહોતો. તેણે મને પૂછયું, શું તમે પુટ્ટપર્થિ ની મુલાકાત લીધી છે? જયારે મેં તેને હકારમાં જવાબ આપ્યો, ત્યારે તેણે કહ્યું, તો પછી સ્વામીજીએ જ ફક્ત તમારે માટે આ પ્રસાદ મોકલ્યો છે. એમ કહી તેણે મિઠાઈ (મૈસુરપાક) આપી. ત્યારબાદ તે વ્યક્તિ મને તેના ઘરે પણ લઈ ગયો. પછી તેણે મને "અમૃત" આપ્યું- કે જે તેમના કહેવા પ્રમાણે મૈસુર (હવે મસુરુ) કે જયાં તે સતત બાબાના ફોટામાંથી ઝરી રહ્યું હતું. હું આ મીઠાઈ મારા થિરુવનન્તપુરમ ના ઘરે લાવ્યો અને મારા કુટુંબના સભ્યો  મારાં પત્ની સુધા અને મારા પિતાજી શ્રી ગોપાલા શેનોઈ- ને વહેંચી. સંજોગાવસાત્, આ મિઠાઈ મને "ઉધાડી" તહેવાર કે જે તેલુગુ નવું વર્ષ છે, તે દરમ્યાન આપવાની સુચના આપવામાં આવી હતી. વધુ મહત્વની બાબત એ છે કે આ દિવસે જ ગોવડા સારસ્વત બ્રાહ્મણ સમાજનું નવું વર્ષ પણ આવે છે કે જે સમાજનો હું વયક્તિ છું.

<u>પ્રશાંતિ નિલયમ ખાતે આશીર્વાદરૂપ અનુભવ :</u>

સ્વામીજીએ મને અત્યંત આનંદપૂર્વક આશીર્વાદ આપ્યા હોય તએવા એક વધુ બનાવનો મારે ઉલ્લેખ કરવો છે. મારી યાદદાસ્ત મુજબ ૧૯૯૯ માં નાતાલના તહેવારના થોડા દિવસ પહેલાંનો પ્રશાંતિ નિલયમ ખાતેનો આ બનાવ છે. તે દિવસે ત્યાં ભારે ભીડ હોવા છતાં મને પ્રથમ હરોળની બેઠક મળી-(ટોકન અને લકી ડ્રો ના આધારે)  કે જે પૂર્વ પ્રશાંતિ તરફના મુખવાળી હતી. મારી બાજુમાં કોઈક આફ્રિકન દેશના બે સદગૃહસ્થો બેઠા હતા. તેમાંથી એક વ્યક્તિ બીજાને તેના વતનના અનુભવની ઘટના વર્ણવી રહ્યો હતો, આ ઘટના મે મારા કનોકાન સાંભળી. એક દિવસ તેઓ પોતાની કાર હંકારીને પોતાના ગંતવ્ય સ્થાને જઈ રહ્યા હતા, ત્યારે તેમણે તેમની સામે જમણી બાજુએ ચાલી રહેલી એક કાર જોઈ. પરંતુ તે કારમાં "ડ્રાઈવર નહોતો". તે દિવસો દરમ્યાન ડ્રાયવર વિનાની કાર અસ્તિત્વ ધરાવતી નહોતી. આથી જિજ્ઞાસાવશ થઈને તેમણે તે કારનો પીછો કર્યો. તેના કારણે તે તેના નક્કી કરેલા સ્થળને બદલે બીજા માર્ગ પર અન્ય સ્થળે ચાલ્યો ગયો. પછીથી એમની સામે ચાલતી કારનો ટ્રેક બદલાઈ ગયો. પાછળથી તેમને જાણવા મળ્યું કે જો તેઓ તેમના ગંતવ્યસ્થાનના રસ્તે ગયા હોત તો કદાચ તેમનો માર્ગમાં જ અંત આવ્યો હોત, કારણ કે તે માર્ગ ઉપર કેટલાંક રમખાણો ફાટી નીકળ્યાં હતાં.

તે સમય દરમ્યાન સ્વામીજી કુલવંતહોલમાં દર્શન આપવા માટે પ્રવેશી ચૂકયા હતા. એક આફ્રિકન સદગૃહસ્થ બોલ્યા, આપણે પાદ્ નમસ્કાર માટે માંગણી કરીએ. બાબાએ નક્કી કરેલા સફેદ આરસપહાણના માર્ગ તરફ આવવા લાગ્યા. અમે પણ એ તરફ જ બેઠા હતા. અમે પાદ્ નમસ્કાર ત્યારે જ લઈ શકીએ જો સ્વામીજી અમારી નજીક પત્ર વગેરે લેવા માટે આવે. અત્યાર સુધી હું જયારે જ્યારે પ્રથમ હરોળમાં બેઠો ત્યારે મને પાદ્ નમસ્કારનો લાભ મળ્યો હતો. પરંતુ તે દિવસે બાબાનો ઈરાદો ભક્તો તરફ આવીને પાદ્ નમસ્કાર આપવાનો નહોતો લાગ્યો. જેવા સ્વામી મારી બાજુમાંથી પસાર થયા કે, હું અવિચારીપણે બૂમ પાડી ઊઠયો, સ્વામીજી, પાદ્ નમસ્કાર. બાબાએ મોટેથી પ્રતિભાવમાં હા આ આઈ કર્યું. જો કે તેમણે જાણે

કે એક મિત્રને (મને) શોધી કાઢયો હોય તેમ લાંબો સમય થોભ્યા. પછી તેઓ મને કશુંક કહેવા લાગ્યા. તે સમયે મેં ઘણા પ્રયત્નો કર્યા છતાં મને કશું સંભળાયું નહીં. તેનું મુખ્ય કારણ એ હતું કે બાબાની અણધારી કૃપાથી હું સ્તબ્ધ થઈ ગયો હતો. પછી સ્વામીજીએ તેમના અભય હસ્તે આશીર્વાદ આપીને મધુરુ સ્મિત આપ્યું. દર્શનના અંતે, જ્યારે હું ઊભો થયો ત્યારે મારી બાજુમાં બેઠેલા વ્યયક્તિએ કહ્યું, તમે શા માટે ઉભા થાવ છો ? થોભો, ના ? તેઓ તમને ઈન્ટરવ્યુ માટે બોલાવશે હું ત્યાં થોડો સમય બેસી રહ્યો પરંતુ સ્વામીજીનો કોઈ સંદેશો આવ્યો નહીં. જો કે, કોઈપણ રીતે, આ પ્રસંગ પોતે જ મારે માટે એક ઈન્ટરવ્યુ સમાન હતો.

હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ મને અંતઃસ્ફૂરણાંથી પ્રેરણા આપે (તેઓ ખરેખર આપણા દરેકમાં વસે છે) અને મારું મન વધુ ને વધુ એમના આત્મા તરફ દોરી જાય. કદાચ સ્વામીજી મારામાં સતત સંકલિત જાગૃતિ બક્ષે અને તેથી મારા મનથી મને આંતરિક પ્રેરણા થાય કે મારામાં અને સ્વામીજીમાં કોઈ તફાવત નથી. એવી સ્થિતિમાં હું સ્વામીજીની કલ્પના કરવા અને એમના અનંદમાં આનંદ માણવા સક્ષમ થાઉં.

(લેખક: ભૂતપૂર્વ ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેકટર, ઈસરો થિરુવનન્તપુરમ છે અને બાળપણથી સ્વામીના ભક્ત છે.)



ઓમ શ્રી સાઈરામ

# અન્ય તમામ વસ્તુ કરતાં પ્રભુના આશિર્વાદની પસંદગી

લેખિકા ; ડૉ. યૂ. સૂમારાવ

જયારે સ્વામી વિશે ખબર પડી ત્યારે હું માંડ ચાર વર્ષની હતી. તે સમયે મારા પિતા એક પ્રતિષ્ઠિત સંસ્થા નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ એંજીનીયરીંગમાં કાર્યરત હતા. એ સ્પષ્ટ હતુ કે તેઓ પુટ્ટપર્તિમાં સ્થાયી થવા માટે તલપાપડ (ઉત્સુક) હતા, કારણ કે દરેક વખતે તેઓ સ્વામીની મુલાકાત લેતા હતા ત્યારે તેઓ તેમને પુછતા હતા કે તેઓ કયારે પર્તિમાં સ્થાયી થશે. આખરે જયારે સત્ય સાઈ ઈન્સ્ટીટયુટ ઓફ હાયર લર્નીંગ (SSIHL) નો માસ્ટર ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (MBA) પ્રોગ્રામ શરૂ થવાનો હતો ત્યારે નોકરી માટે એક જગ્યા ખાલી હોવાની જાણકારી થઈ. તેમને લાગ્યુ કે જો તેઓ તેમની કારકીર્દી ઉદ્યોગ માંથી શિક્ષણ તરફ વાળશે તો ભવિષ્યમાં કોઈક સમયે સ્વામીની સંસ્થામાં શૈક્ષણિક પ્રવૃત્તિ માટે તક મળી શકે. આ વિચારને અનુરૂપ એમણે મુંબઈમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ એંજીનીયરીંગમાં પી.એચ.ડી. પ્રાપ્ત થયા પછી પણ તેમને યોગ્ય તક મળી નહિ. તેઓ ઉદ્યોગ ક્ષેત્રમાં પુનઃ કાર્યરત થયા પરંતુ તુરત જ તેમને સત્ય સાઈ ઈન્સ્ટીટયુટ ઓફ હાયર લર્નીંગ (SSIHL) જે પ્રશાંતિ નિલયમ પરીસરમાં છે તેમાં MBA ડીર્પામેન્ટમાં ડીન તરીકે તુરંત જોડાવા માટે જણાવવામાં આવ્યું આ નિમણૂંકથી અમે સૌ આશ્ચર્ય પામ્યા.

પરંતુ આ પહેલા મારા માતૃશ્રીએ અમે બન્ને બહેનોને પૂજય ભગવાનની સંસ્થામાં અમારા શિક્ષણ માટે દાખલ કરવાનો દીર્ધદ્દષ્ટિ ભર્યો નિર્ણય લઈ લીધો હતો. આ પ્રવેશને કારણે અમે બન્ને બહેનો એ અમારા માતા-પિતા કરતાં પહેલાં પુટ્ટપર્તિ આશ્રમમાં વસવાટ શરૂ કર્યો. મે અનંતપૂર કોલેજમાં ઈન્ટરમીડીએટમાં પ્રવેશ મેળવ્યો અને મારી બહેનને પ્રશાંતિનિલયમની શાળામાં પ્રવેશ મળ્યો. ત્યાર પછી આશરે દોઢ વર્ષ બાદ અમારા માતા-પિતાએ પુટ્ટપર્તિમાં વસવાટ ચાલુ કર્યો અને ત્યારથી અમે સૌ પુટ્ટપર્તિના સુખદ અને સંતુષ્ટ રહીશો છીએ.

## ભારતના આર્થિક પાટનગરથી આધ્યાત્મિક પાટનગર ની સફર

શરૂઆતના દિવસોમાં મુંબઈનું દોડધામવાળુ જીવન અને અહિનું સરળ અને સાદગીભર્યુ જીવનનો તફાવત નોંધપાત્ર હતો.પરંતુ જે ફેરફારો થયા તે વિશેષ અડચણરૂપ ન હતા. અમે સૌ સંતુષ્ટ હતા કે અમે સ્વામીની નજીક છીએ. અમારા માતા-પિતાએ અમને અત્યંત મહત્વપૂર્ણ દિશા સૂચન કરી જણાવ્યું કે જીવનને હેતુપૂર્ણ રીતે વિતાવી તેમાં ઓતપ્રોત રહેવું જોઈએ. વાસ્તવિકતા એ હતી કે મારા પિતા એવી વિચારસરણી ધરાવતા હતા કે તેઓ સ્વામીની સંસ્થાઓમાં તેમનું મહત્તમ યોગદાન પ્રદાન કરશે. તેઓ સેવાભાવી છે અને હંમેશા એવું કહે કે, ‘‘જીવન સાર્થક થયું ત્યારે કહેવાય, કે જયારે આપણે કોઈ અર્થપૂર્ણ કાર્ય માટે આપણું મહત્તમ યોગદાન આપીએ’’. તેમની આ દ્દઢ માન્યતા તેમને સ્વામીની સંસ્થાઓ સુધી દોરી ગઈ. તેમની કારકીર્દી સંબંધે મોટા આર્થિક લાભની તક મળી હતી (એક આવી તક વિદેશની પણ હતી.) પરંતુ તે તમામ તેમણે જતી કરી હતી.

અમારા ઘણા સગા-સંબંધીઓએ ચેતવણી આપતા જણાવ્યું કે તેઓ (અમારા-માતા-પિતા) ખોટો નિર્ણય કરી રહયા છે. તેઓ, મારા પિતાને પૂછતા હતા કે જીવનના સક્રિય વર્ષોમાં શા માટે તેમની કારકીર્દીમાં ફેરફાર કરી રહયા છે ખાસ અમે બન્ને સંતાનોની ઉંમર નાની હતી. આવુ કહેનારાઓને સમજાવવા અમારા માટે પડકારભર્યું હતું. મારા માતા-પિતાએ તમામ વાતોને લક્ષમાં ન લીધી અને તેમના નિર્ણયમાં અડગ રહયા.

## પ્રભુના ડરથી પ્રભુ પ્રેમ તરફ

હું સાઈ સંસ્થામાં વિદ્યાર્થીની થઈ તે મારે માટે વ્યકિતગત રીતે સીમાચિન્હરૂપ બાબત હતી. મેં અગાઉ

જણાવ્યું તેમ હું ચાર વર્ષની હતી ત્યારથી સ્વામી વિશે જાણું છું. પરંતુ તે સમયે સ્વામી મારા માટે દિવાલ પરના એક વિશાળ ચિત્રથી વિશેષ કશું ન હતા. હું બાલ વિકાસ પ્રવૃત્તિમાં સામેલ થતી હતી જે દ્વારા મને સાઈ પરિવાર વિશે વધારે માહિતિ મળી. એક બાળક તરીકે તે સમયે મારી માન્યતા એવી હતી કે સ્વામીના જણાવ્યા પ્રમાણે આપણે ન વર્તીએ તો તેઓ આપણાથી નારાજ થાય, જે કૃત્ય પાપ સમાન છે. આ પ્રમાણે મનમાં તે વખતે એક ડર રહેતો હતો. હું જયારે સત્ય સાઈ કોલેજમાં અભ્યાસ કરતી હતી ત્યારે મને સાચી બાબતનું ભાન થયું કે સ્વામી દિવાલ પરનું ચિત્ર નથી પરંતુ અંતર્યામી છે અને મારી સમીપ છે.

અનંતપુર કોલેજમાં શરૂઆતના દિવસોમાં હું ભ્રમિત અવસ્થામાં હતી. મને એવો વિચાર આવતો કે અનંતપૂરમાં અનેક વ્યકિતઓમાની (પૈકિની) હું એક છું સ્વામી મને જાણતા નથી અને હું સ્નાતક થઈ જઈશ પછી પણ એ જ સ્થિતિ રહેશે. હું એક દિવસ કોલેજના પગથીઆ પર બેસી સૂર્યાસ્ત નિહાળી રહી હતી ત્યારે પણ મને આ જ વિચાર આવતો હતો. તે જ દિવસે એક ઘટના બની, પુટ્ટપર્તિમા મારા પિતાને સ્વામીએ ઈન્ટરવ્યું માટે બોલાવ્યા ત્યારે તેમને કહયું કે, "તમારી પુત્રી જે અનંતપુરમાં છે તે કોલેજના પગથીઆ પર બેસી ચિત્રો (ફોટા) ઉતારે છે. તેને જણાવશો કે હું અનંતપૂરમાં પણ સર્વવ્યાપી છું અને તેનું હ્દય ખુલ્લુ રાખશે તો તેને આ બાબતની અનુભૂતિ થશે. મારે માટે આ એક યાદગાર પ્રસંગ હતો.

સ્વામીના હકારાત્મક પ્રતિભાવ છતાં મારા મનની શંકાઓ નિર્મૂળ થઈ નહિ, કારણ કે મારે માટે મારું હ્દય ખુલ્લુ રાખવું કઠણ હતું. પરંતું ત્યાર બાદ મારા જીવનમાં મને અનેક એવા અનુભવો થયા જે દ્વારા મને સ્વામી સર્વવ્યાપી છે તેની અનુભૂતિ થઈ. મારા વિદ્યાભ્યાસના વર્ષો દરમ્યાન સ્વામી તરફથી દરેક સેમિસ્ટરને અંતે એક હેવાલ (રીપોર્ટ કાર્ડ) મળ્યાની અનુભૂતિ થઈ હતી. આવી એક અનુભૂતિ (સ્વપ્ન સંકેત) થઈ જે મુજબ હું સ્વામીના ઈન્ટરવ્યુ રૂમમાં જઈ રહી હતી ત્યારે મને કહયું "આ સેમિસ્ટર વધારે પરિણામલક્ષી રહેશે" આ સ્વપ્ન સંકેત મારા માટે એ બાબતની પુષ્ટિ કરતા હતા કે સ્વામી મારા અભ્યાસ પર નજર રાખી રહયા છે. મને અલૌકિક આનંદની અનુભૂતિ થઈ જે વર્ણવવા માટે મારી પાસે શબ્દો નથી. સ્વામી મારી વિચારસરણી અને કાર્યો જાણે છે એની અનુભૂતિ કરાવતા બીજા ઘણા પ્રસંગો બન્યા.

## મારા જીવન સંદર્ભમાં મહત્વનું પરિવર્તન

એકવાર હું પુટ્ટપર્તિ એક નાટક જોવા ગઈ હતી, સ્વામીએ મને બોલાવી અને પૂછયું, "પાદનમસ્કાર કર્યા?" મેં પાદનમસ્કાર કર્યા ન હતા છતાં "હા" કહયું સ્વામી "એ" કહી મને તેમની નજીક બોલાવી હું સ્વામીની નજીક પહોંચી પરંતુ મારું રૂદન રોકી શકી નહિ. સ્વામીએ પૂછયું "કયા હૈ? કયા ચાહીએ?"

મેં સ્વામીને કહયું, "મારે હ્દયની શુધ્ધતા જોઈએ છે". સ્વામીએ પ્રત્યુત્તર આપ્યો, "તારામાં આત્મવિશ્વાસ હોવો જોઈએ. વિચારો આવે ને વિલુપ્ત થાય. વિચારો આપણા આહાર અને વિહાર (જે વાતાવરણમાં આપણે રહીએ છીએ) નું સીધું પરિણામ છે. વિચારો આવે અને જાય પરંતુ આપણે મન મજબૂત રાખવું જરૂરી છે" મેં મારી નોટબુકમાં કેટલીક નકારાત્મક બાબતોની નોંધ કરી હતી. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે તમારે તમારી જાતને નકારાત્મક દ્રષ્ટિકોણથી જોવાને બદલે, હકારાત્મક અભિગમ અપનાવવો જોઈએ. આ સંદેશ મારે માટે પણ મહત્વનો સાબિત થયો અને મારા વિદ્યાર્થીકાળ (૧૯૮૫ થી ૧૯૯૧) દરમ્યાન તે મારા માટે પથદર્શક હતો. અનેક લોકો પોતાના જીવનનું ધ્યેય પાર પાડવા માટે પ્રભુને સહારે હોય છે. પરંતુ જેઓ પ્રભુમાં પૂર્ણ વિશ્વાસ ધરાવે છે તેમને માટે પ્રભુને પ્રાપ્ત કરવુ એ જ ધ્યેય છે અને તેમનું સમગ્ર જીનવ એ માટે ખર્ચી નાંખે છે. આ મૂળભૂત અભિગમ આપણને આપણો દ્રષ્ટિકોણ બદલવા માટે કારણભૂત બને છે. મારા વિદ્યાર્થી

કાળમાં હું આ મૂળભૂત અભિગમનો ફેરફર સ્વામીની કૃપાને કારણે અનુભવી શકી.

## મારી કળા અને કૌશલ્યનો ઉપયોગ

હું અનંતપૂર કોલેજમાં અભ્યાસ કરતી હતી. ત્યારે મને વિચાર આવતો હતો કે જીવનમાં હવે પછી હું શું કરીશ. મને એવો વિચાર આવતો હતો કે હું સ્નાતક થયા પછી કળા કારીગીરીમાં મારી કારકીર્દી બનાવીશ. મને એવું પણ લાગ્યું કે મારું વાણિજ્ય વિષયક શિક્ષણ મને મારી કલા કારીગીરીના વિજ્ઞાપનમાં મદદરૂપ થશે. હું કલા કારીગીરીમાં મારી કારકીર્દી બનાવવા ઉત્સુક હતી. એક દિવસ ઈન્ટરવ્યુંમાં સ્વામીએ આ બાબતે જણાવ્યું તેમણે મને પૂછયુ" આર્ટસ કોલેજમાં શા માટે જવું છે? ચરસ, ગાંજાના બંધાણી થવું છે." મેં કહ્યું "મારે ચરસ, ગાંજાના બંધાણી થવું નથી." તેમણે સ્પષ્ટ પણે મારી કલા કારીગીરી માં કારકીર્દી માટેની ઈચ્છા સંબંધે અસંમતિ દર્શાવી.

હું અત્યંત વ્યથિત હતી. મને વિચાર આવતો હતો કે સ્વામી મને શા માટે કલા કારીગીરીમાં કારકીર્દી બનાવવા માટે ના પાડે છે. હું આ વિષયમાં સારું જ્ઞાન ધરાવું છું. પરંતુ અત્યારે હું જે કાર્યકરું છું. ત્યારે એવી અનુભુતિ થાય છે કે ધંધાદારી કારીગીરી (આર્ટિસ્ટ) ન હોવા છતાં મેં ચિત્રો બનાવવા કરતાં ઘણું વધારે નક્કર કાર્ય કર્યું છે. હું શાળાના બાળકો સાથે ચિત્રકાર્યમાં વર્ષ દરમ્યાન પ્રવૃત્ત રહું છું. અનંતપૂર શાળામાં આ દિશામાં અમે ઘણું સકારાત્મક કાર્ય કર્યું છે. જયારે રમતોત્સવ યોજાય ત્યારે સ્વામીનું ૪૦ ફૂટ ઉચું ચિત્ર તૈયાર કરવામાં આવે છે ત્યારે સ્વામી મને એ કાર્ય કરવામાં ઉપયોગી માર્ગદર્શન આપતા હતા.

એક વાર મારી બહેને એક ચિત્ર તૈયાર કર્યું જે એક તળાવ અને તેને કાંઠે આવેલા વૃક્ષોનું હતું. વૃક્ષોનો પડછાયો તળાવમાં પડતો હતો. સ્વામીને તે ચિત્ર બતાવ્યું. તેમણે કહયું કે કોઇ પણ ચિત્ર દૂરથી જોવુ જોઈએ. હું ઇન્ટરવ્યું રૂમનાં ખૂણામાં ચિત્ર લઇને ઉભી રહી. સ્વામીએ કહયું કે હવે આ ચિત્ર ખૂબ વાસ્તવિક લાગે છે. મારી બહેનને કહયું કે, તું રંગ પસંદગીમાં નિપુણ છે અને મને જણાવ્યું કે તું રંગકાળમાં નિપુણ છે. તેમણે જણાવ્યું કે કોઇ પણ ચિત્ર દોરો ત્યારે તેની તસ્વીર પરથી તૈયાર કરો, ત્યાર પછી તે ચિત્રને તમારા સ્મૃતિપટ પરથી તૈયાર કરો આ પ્રમાણે તૈયાર કરેલુ ચિત્ર તમારા અંતર મનમાંથી આવશે. જે અગત્યનું છે.

## પ્રભુ શરણની સ્વીકૃતિ

સ્વામીએ મને કહ્યું કે રોજ મારે તેમનું ચિત્ર તૈયાર કરવું પરંતુ મારે માટે એ શકય ન હતું. તેમણે એ બાબત માં ધ્યાન દોર્યું કે આપણા વિષયો (કર્મ) અને ધ્યેયમાં સમન્વય હોવો જરૂરી છે. યોગ પણ એક મૂળભૂત જરૂરીયાત છે પરંતુ કલા પણ એક યોગ છે. સ્વામીએ જણાવ્યું છે કે, ''તમે કોઇ પણ કાર્ય નિષ્ઠાપૂર્વક અને શ્રેષ્ઠ રીતે કરો તો તે પણ મારી પૂજા (આરાધના) સમાન છે''.

પ્રભુ સર્વ વ્યાપી છે. તેઓ આપણા સૌમાં વસેલા છે. આ હકીકત ધ્યાનમાં રાખી આપણે આપણું જીવન પસાર કરીએ તો તે આપણા સૌ માટે શ્રેયકર છે. મારા અનંતપુર કોલેજનાં કાર્યકાળના વર્ષો દરમ્યાન આ મૂળભૂત વાસ્તવિકતા ની અનુભૂતિ માટે મારે શ્રેષ્ઠ ઉપલબધિ હતી.

મે નિર્ણય કર્યો કે હું મારું શૈક્ષણિક કાર્ય સ્વામીની સેવા માટે ફાળવીશ. મારા નિર્ણયનો મારા કુટુંબીજનો, મિત્રો વિગેરેએ મિશ્ર પ્રતિભાવ આપ્યો. તેઓ સૌનો ઈશારો મારી કારકિર્દી સંબંધિત અન્ય લાભદાયી તકો તરફ હતો. પરંતુ મેં સ્વામીની સેવામાં કાર્યરત રહેવાનો નિર્ણય કરી લીધો હતો અને એ માટે હું તેમના તરફથી દિશા નિર્દેશની પ્રતિક્ષા કરી હતી .

આઠ વર્ષ બાદ સ્વામીએ મને અધ્યાપન કાર્ય કરવા જણાવ્યું. આ સમય દરમ્યાન મેં એમ.કોમ અને એમ. એડ્નો (M.ed) નો અભ્યાસ પૂર્ણ કર્યો. મારા માતા-પિતા એ જણાવ્યું હતું કે સ્વામીનો દિશા નિર્દેશ મળે ત્યાં સુધી મારે અભ્યાસ ચાલુ રાખવો. આ સમય દરમ્યાન હું અભ્યાસ સિવાય અન્ય પ્રવૃત્તિ કરી શકી હોત પરંતુ મારું અંતર મને સ્વામીના દિશા નિર્દેશની રાહ જોવા માટે કહી રહ્યું હતું. મે નિર્ણય કરી લીધો હતો કે હું સ્વામીનાં દિશા નિર્દેશ મુજબ જ આગળ વધીશ.

એ સમયે મેં અપરિણીત રહેવાનો નિર્ણય કર્યો જે મારા આળજનો માટે વિસ્મયકારક હતો. આ મારો નિર્ણય મારે માટે હતો, સ્વામી માટે નહિ. મેં આત્મનિરિક્ષણ કર્યું અને મારો આ નિર્ણય દૃઢ થયો.

## મારો આત્મ નિર્ણય

હું અનંતપૂર કોલેજમાં અધ્યાપન કાર્યમાં જોડાઇ તે પહેલા કેટલાક રસપ્રદ બનાવો બન્યા. અધ્યાપન કાર્ય માટે સ્વામીએ મને જણાવ્યું તેમા થોડા દિવસો પહેલા મને સ્વપ્ન સંકેત થયો જેમાં સ્વામીએ મને સંદેશ આપ્યો કે પ્રભુને પૂજવા પૂરતુ નથી, પ્રભુ જે કહે તેનો અમલ કરવો જરૂરી છે એજ પ્રભુ પ્રત્યેના પ્રેમની પુષ્ટિ (સાબિતિ) છે. મને અનુભૂતિ થઇ કે કંઇક થવા જઇ રહયું છેજેનો મારે અમલ કરવો જરૂરી છે.

ચાર-પાંચ દિવસ પછી સ્વામીએ મને બોલાવીને પૂછ્યું કે હું અનંતપૂર કોલેજ માં અધ્યાપન કરવા માટે વિચારી શકું કે કેમ? મે તરત જ હા પાડી. હું કેળવણી અને વાણિજયમાં સ્નાતક હતી એટલે સ્વામીએ આ બે પૈકી મારા વિકલ્પ માટે પુછયું. મે સ્વામીને જણાવ્યું કે તમે જે વિષય કહેશો એ શીખવીશ. પરંતુ સ્વામીએ મારો નિર્ણય (વિકલ્પો) જાણવા આગ્રહ રાખ્યો છતા મેં આ બાબતમાં નિર્ણય સ્વામી પર છોડયો. સ્વામી આપણને પડકાર ઝીલવા માટે કહે છે. આપણે આપણી સગવડતા જોઇએ છીએ, જે અભિગમ સ્વામીનાં વિચારો સાથે સુસંગત નથી. સ્વામીએ મને વાણિજય વિદ્યાશાખામાં શિક્ષણ આપવા માટે જણાવ્યું પરંતુ મારો વિચાર શિક્ષણ અને સાહિત્ય માટે હતો.

## નિર્ણય ન કરવાનાં સુચિતાર્થો

આપણા જીવનમાં અસંખ્ય વખત એવું બને છે કે આપણે સ્વામી પર નિર્ણય છોડીએ છીએ. આ સંદર્ભમાં એ અગત્યનું છે કે આપણે આપણી ધીરજ ગુમાવ્યા વિના જે તે પ્રશ્ન/બાબત સ્વામી પર છોડવી જરૂરી બને છે.

વર્ષ ૨૦૦૫ માં સ્વામીએ અમને ઇન્ટરવ્યું માટે બોલાવ્યા હતા. તે સમયે હું શૈક્ષણિક કાર્યમાં પ્રવૃત્ત હતી. તેઓ આનંદિત જણાતા હતા અને મારી સામે જોઇ સ્મિત પણ કર્યું. મને એવુ પ્રતિત થયું હતું કે સ્વામી ફકત વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરે છે.વિદ્યાર્થીનીઓ સાથે નહી. તેમણે કહ્યું. "આ છોકરીઓ મારા સંતાન છે. મારા કાર્ય માટે તેમણે તેમનું જીવન સમર્પિત કર્યું છે." તેમણે મારી તમામ શૈક્ષણિક ડીગ્રી નો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું. કે આવી શૈક્ષણિક ઉપાધિઓ ધરાવતી વ્યકિત અહી મારા કાર્યમાં આજે સમર્પિત છે.

**નોંધ:** લેખિકા એ ૧૯૮૫ થી ૧૯૯૧ દરમ્યાન શ્રી સત્ય સાઇ ઇન્સ્ટીટયુટ ઓફ હાયર લર્નીંગ (SSIHL)અનંતપૂર કેમ્પસમાં શિક્ષણ લીધું હતું અને ત્યાર બાદ એજ સંસ્થામાં સંચાલન (મેનેજમેન્ટ) અને વાણિજય (કોમર્સ) વિદ્યાશાખામાં અધ્યાપક તરીકે કાર્યરત હતા.

વધૂ આવતા અંકે....

આભાર રેડીઓ સાંઇ

સાઇરામ

# ઋણ સ્વીકાર / આભાર બોલ

સાઈ પરિવારના આત્મસ્વરૂપો,

સૌને સાઈરામ

શ્રી સત્ય સાઈ ટ્રસ્ટના નેજા હેઠળ, પાછલા આશરે ૨૫ થી વધુ વર્ષોથી સનાતન સારથિ (ગુજરાતી) નું પ્રકાશન ડાકોર પવિત્ર યાત્રાધામથી થતું આવ્યું; જેનું સંચાલન, શિક્ષણ ક્ષેત્રમાં અગ્રગણ્ય નામના ધરાવનાર, શ્રીમદભગવદગીતાના પ્રખર અભ્યાસી અને ભગવાન શ્રી સત્યસાઈ બાબામાં અસીમ શ્રદ્ધા ધરાવનાર એવા પ્રોફેસર ઠાકોરભાઈ સી. શાહ સાહેબે કર્યું અને સનાતન સારથિ મેગેઝીનના તંત્રી તરીકે રહીને તેઓએ નિષ્કામ ભાવે સેવાઓ આપી. તાઃ૧૬/૦૭/૨૦૨૦ ના રોજ તેઓ સાઈશરણ થયા.

સનાતન સારથિ (ગુજરાતી)ના અવિરત પ્રકાશન માટે અનેક મુરબ્બીઓનો સાથ અને સહકાર મળ્યો; જેમાં ઉલ્લેખનીય નામો છે

| | |
|---|---|
| **૧. શ્રી આર.પી દવે** | **૪. શ્રી રૂપેશ પંડ્યા** |
| **૨. ડો.શ્રી કે.પી પાઠક** | **૫. શ્રી આર.ડી ઠાકોર** |
| **૩. શ્રી પ્રવીણભાઈ શાહ** | **૬ .શ્રી બાબુભાઇ પરમાર** |

સ્વ. શ્રી શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર ટીમે, 'ટીમ ભાવના' થી સુંદર કાર્ય કર્યું જે ખરેખર ગૌરવાસ્પદ બાબત છે. આ દરેકે કરેલ સેવા વિશે વ્યક્તિગત રીતે લખવું અશક્ય તો નથી પરંતુ અંકની પૃષ્ઠ મર્યાદા / સ્થાન મર્યાદાને ધ્યાનમાં લેતાં અહીં જ થોભી જવું પડે તેમ છે. નિર્દિષ્ટ કરેલ વ્યક્તિઓ સિવાય પણ એવા ઘણા હશે જેમનો આંશિક સહયોગ પણ આ કાર્યમાં મળેલો હોય, તે બધાની સેવાઓ સાચે જ વંદનીય છે.

સર્વજ્ઞ, સર્વ શક્તિમાન એવા ભગવાન બાબા બધું જ જાણે છે. અને એમની ડાયરીમાં આ સેવાઓની નોંધ થયેલી જ છે. ભગવાન બાબાના આ બધા ઉપર સ્નેહ અને આશીર્વાદ છે જ.

પરંતુ હવે જ્યારે સનાતન સારથિ (ગુજરાતી) નું પ્રકાશન વડોદરા ખાતે ફરી એકવાર શીફ્ટ થઈ રહ્યું છે ત્યારે -ડાકોરથી આટલા વર્ષોથી અવિરત પણે / નિયમિત પણે સનાતન સારથિના પ્રકાશનનું કામકાજ થતું આવ્યું તેને માટે શ્રી સત્ય સાઈ ટ્રસ્ટ, શ્રી સત્ય સાઈ સેવા સંગઠન, ગુજરાત અને સર્વ સાઈ ભક્તો - એમના આ કરેલા કાર્યને બિરદાવે છે; એમનો આભાર માને છે અને એમને શુભેચ્છા પાઠવે છે.

વડોદરા ખાતેથી આ કાર્ય સરળતાથી થઇ શકે તે માટે આ સમગ્ર ટીમે પૂરી રીતે સહકાર અને માર્ગદર્શન આપેલ છે જે પણ સાચે જ અભિનંદનીય છે.

સનાતન સારથિ (ગુજરાતી)ના પ્રકાશનના વડોદરા ખાતેથી થનાર કાર્ય માટે ભગવાન બાબાની કૃપા પ્રાપ્ત થાવ એ માટે "એમને" ચરણે વિનમ્ર પ્રાર્થના.

**-રાજ્ય પ્રમુખ શ્રી, સત્ય સાઈ સેવા સંગઠન ગુજરાત.**

**-તંત્રી સનાતન સારથિ (ગુજરાતી)**

Publication Date : 20/09/2020

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGE - 28

**સનાતન સારથિ**

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2020

RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. AND-305/2018-2020

Place of Posting - Dakor



**તમારા અંતરાત્માના આદેશને અનુસરો**

રોજના જીવનમાં સત્યને (આપણે) જો ન વળગી રહ્યા હોય તો ઈશ્વરને સત્ય સ્વરૂપ (કે જે સત્યનું જ મૂર્ત રૂપ છે) તરીકે ભજવાનો કોઈ અર્થ રહેતો નથી. ધર્મ (સત્યાચરણ, સદાચરણ) એ સત્યમાંથી જ જન્મે છે. સદાચરણ હૃદયમાંથી ઉદભવે છે. સદાચરણ આત્મસંતોષ બક્ષે છે. આ એક (પોતાના) સ્વ-ચૈતન્યની અભિવ્યક્તિ છે. આ દિવ્ય ચેતના જે પ્રેરિત કરી રહી છે તેમાં શ્રદ્ધા રાખો. કોઈએ પણ એના અંતરાત્માના આદેશની વિરુદ્ધમાં જવું નહીં. અંતરાત્માના આદેશનો અનાદર કરી વર્તવું તે અધર્મ છે. અંતરાત્માના આદેશ અનુસાર વર્તન કરવું એ જ સદાચરણ છે.

-બાબા

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ'' એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

**મુદ્રક : એલાઇન ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.
મો.: ૮૨૩૮૫૮૫૬૫૩